


પંડિતશ્રી વીરવિજયજી મ. કૃત
અંતરાય કર્મ નિવારણ અષ્ટપ્રકારી પૂજા
સંપાદક: જયભિખ્ખુ

# અંતરાય કર્મ-નિવારણ અષ્ટપ્રકારી પૂજા



સંપાદક : જયભિખ્ખુ

: પ્રકાશક :

શ્રી જીવન મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ
હઠીભાઈના દેરા સામે : અમદાવાદ

પહેલી આવૃત્તિ : ૧૯૬૪

**કિંમત : ૦-૭૫ ન.પૈ.**

: પ્રકાશક :

**લાલભાઈ મણિલાલ શાહ**


શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ

હઠીભાઈના દહેરા સામે : અમદાવાદ

: મુદ્રક :

ગોવિંદલાલ જગશીભાઈ શાહ : શારદા મુદ્રણાલય

પાનકોર નાકા : અમદાવાદ



'ઘર તો ગૃહિણીનું'

એ સૂત્રને વ્રત અને વિચાર દ્વારા સાર્થક કરનાર

**સ્વ. લીલાવતીબેન લાલભાઈ શાહને**

અર્પણ

— સંપાદક

જન્મ : વિ. સં. ૧૯૭૧, જેઠ, અમદાવાદ

લગ્ન : વિ. સં. ૧૯૮૫, અસાડ, અમદાવાદ

મૃત્યુ : વિ. સં. ૨૦૧૮, ફાગણ સુદ તેરશ, અમદાવાદ

# મનમેળો

નાટક દુનિયા દેખતે, નવિ હોય અભાવો;
શ્રી 'શુભવીર'ને પૂજતાં, ઘેર ઘેર વધાવો.

શ્રી જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ આજે પોતાના આઠમા વર્ષમાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે, ને નાનીશી નીતિગંગાની સાહિત્ય-સરવાણી સર્જવાનો હૈયે ઉછરંગ ધારી રહ્યું છે. આ ટ્રસ્ટનાં એક પ્રેરક અને મારાં સહધર્મ-ચારિણી અ. સૌ. લીલાવતીના અવસાન કાળે, મૃતાત્માના કલ્યાણનિમિત્ત, આજથી બે વર્ષ પહેલાં, કેટલાએક ધર્મ-નિર્ણયો લેવામાં આવ્યા હતા.

એ વખતે એકાએક અમારા દિલમાં તેઓને અતિપ્રિય એવું પૂજા-સાહિત્ય પ્રગટ કરવું—અને તેટલું સરળ, રંજક ને સુઘડ રીતે રજૂ કરવું—તેવો નિર્ણય ઉદ્ભવેલો.

એ નિર્ણય અનુસાર સ્વર્ગસ્થની પહેલી મૃત્યુતિથિએ પં. શ્રી વીરવિજયજીકૃત 'બાર વ્રતની પૂજા' અર્થ સાથે પ્રગટ કરી હતી. આ બીજી મૃત્યુતિથિએ એ જ કવિવરની રચેલી 'અંતરાયકર્મનિવારણ પૂજા' પ્રગટ કરીએ છીએ. શક્ય તેટલું સંશોધન અને સુશોભન કર્યું છે; એમ કરતાં અમારા મનને પ્રભુની આંગી રચ્યા જેવો આનંદ આવ્યો છે. પણ અલ્પ

સમય ને અતિ પ્રવૃત્તિ—એ આ જમાનાનાં સર્વસામાન્ય લક્ષણો પ્રમાણે અમે ધારણા પ્રમાણે કંઈ કરી શક્યા નથી, તે માટે વાચકોની ક્ષમા ચાહીએ છીએ.

આ કાર્યમાં આ ટ્રસ્ટના મારા સાથીમિત્ર શ્રી. જયભિખ્ખુ-એ દિલના ઉછરંગથી કામ કર્યું છે; ઉપરાંત આ ભક્તિ–પૂજાના પ્રશસ્ત કાર્યમાં અનેક હાથ રળિયામણા બન્યા છે ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના માલિક શ્રી. શંભુભાઈ અને ગોવિંદભાઈની પોતાનું કામ અટકાવીને આ પુસ્તિકાનું મુદ્રણ કરી આપવાની તમન્ના, ભાઈશ્રી રતિલાલ દેસાઈ તથા પં. અંબાલાલ પ્રેમચંદ શાહનો શુદ્ધિકરણ વગેરેનો સાથ તથા શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાના સેક્રેટરી શ્રી અભયચંદભાઈ, જેઓએ માગ્યું સાહિત્ય પૂરું પાડ્યું છે, તે સહુનો સહકાર અમને પ્રેરક બન્યો છે.

ચિત્રકાર શ્રી રજનીભાઈ વ્યાસે પણ પ્રથમની જેમ પુસ્તકના શણગારમાં ઉત્સાહભર્યો સહકાર આપ્યો છે. ફીનીક્ષ પ્રિન્ટીંગ વર્કસે પણ અમારી ભીડ ભાંગી છે. દીપક પ્રિન્ટરી તો આત્મીય ભાવે કામ કરી આપે જ છે. શ્રી વીરવિજયજી મહારાજ કહે છે, તેવો 'મનમેળો' આ કાર્યમાં અમે અનુભવ્યો છે.

આ પુસ્તકમાં અતિ ઝડપના કારણે અને અન્ય પ્રવૃત્તિઓમાં મગ્ન હોવાને લીધે અનેક ક્ષતિઓ રહી જવાનો સંભવ છે. સંપૂર્ણ જ્ઞાની તો એક સર્વજ્ઞ છે, બાકી બધા ભૂલને પાત્ર છે. આ કૃતિના દોષો તરફ જો કોઈ મહાનુભાવ આંગળી ચીંધ્યાનું પુણ્ય કરશે, તો અમે તેના આભારી થઈશું.

આ બધી પ્રવૃત્તિઓમાં અંતરનો એકતારો એક જ વાત ગુંજતો રહ્યો છે: न हि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति । ભાવ જ ભવ વધારનાર ને ભવ ઘટાડનાર છે. શુભ ભાવથી કરેલું કાર્ય ક્યારેય દુર્ભાવ કે દુર્ગતિ માટે થતું નથી, બલ્કે કલ્યાણસાધક બને છે, એવી અમારા અંતરમાં શ્રદ્ધા છે.

આ પુસ્તિકા તૈયાર કરવામાં કેટલાક ગ્રંથોનો ઉપયોગ કર્યો છે; ખાસ કરીને ભાવનગરથી પ્રગટ થયેલ 'ચોસઠ પ્રકારી પૂજા'નો તથા અમારા સ્નેહી માસ્તર જશવંતલાલે પ્રગટ કરેલ 'પૂજાસંગ્રહ' વગેરેનો અર્થશુદ્ધિ ને પાઠશુદ્ધિમાં ખાસ લાભ લીધો છે, તે સહુના અમે ઋણી છીએ.

પ્રભુપૂજાઓનું યથાયોગ્ય પ્રકાશન કરીએ, ને એ દ્વારા જીવનને પૂજા જેવું નિર્મળ ને સંગીતમય બનાવીએ, એ જ અભ્યર્થના !

છેલ્લે પરમ પ્રભુ પાસે એક જ પ્રાર્થના છે, કે—

'દાયક નામ ધરાવો તો સુખ આપો રે,
'સુરતરુની આગે રે શી બહુ માગણી ?
શ્રી 'શુભવીર' પ્રભુજી મોંઘે કાળે રે,
'દીયંતા દાને રે શાબાશી ઘણી.'

આશા છે કે અમારા ટ્રસ્ટના અન્ય ગ્રંથોની જેમ આ ગ્રંથામૃતનું પણ ચાતકજનો ઉલ્લાસપૂર્વક પાન કરશે.

લાલભાઈ મ. શાહ
વ્યવસ્થાપક
શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ



ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુથી લહીએ નાણ;
નાણ થકી જગ જાણીએ, મોહિનીનાં અહિઠાણ.

કષ્ટ કરવું તે સોહ્યલું, અજ્ઞાની પશુખેલ;
જાણપણું જગ દોહ્યલું, જ્ઞાની મોહનવેલ.

મુરખ સંગ અતિ મિલે, તો વસીએ વનવાસ;
પંડિત સું વાસે વસી, છેદો મોહનો પાસ.

—પં. શ્રી વીરવિજયજી

# ધન્ય વચન

> 'આવી રૂડી ગતિ મેં પહેલાં ન જાણી;
> 'સંસારની માયામાં મેં તો વલોવ્યું પાણી.'
>
> પં. વીરવિજયજી

**એ** કવિ ધન્ય છે, જે પ્રભુની ભક્તિથી સભર જનગણમન–ઉદ્ધારક ગીતિ રચે છે !

એ ગીતકાર ધન્ય છે, જે સુમિષ્ટ કંઠે આ પ્રેમરસનો પ્યાલો પોતે પીએ છે, ને અન્ય સહુને પાય છે !

એ શ્રોતાઓને ધન્ય છે, જેનાં શ્રવણ, જિહ્વા ને મન આ ભક્તિરસના પાનથી રંગમજીઠ બન્યાં છે!

એ વિદ્વાનોને ધન્ય છે, જેઓએ સો ટચના સુવર્ણ-પાત્રમાં ટકનારી, સિંહણના દૂધ જેવી આગમવાણીને લોકકલ્યાણ કાજે સરલ ભાવ ને સુસંવાદી અર્થમાં અવતારી છે !

અને એ નમ્ર પૂજારીને ધન્ય છે, જે રજે ભરાયેલી શાસ્ત્ર-પ્રતિમાને રોજ જળે પખાળે છે,' ને દૂધે અભિષેક કરે છે !

મેં તો આ પુસ્તકમાં કોઈ પવિત્ર મંદિરમાં અનધિકારે પ્રવેશ કરી, દીપ પેટાવવાનું, ધૂપ કરવાનું કે બુહારી દેવાનું કામ કર્યું છે; અને એનો મનને એટલો જ પરિતોષ છે.

પ્રત્યેક પૂજાને અંતે આવતો કાવ્યનો ગુજરાતી પદ્યાનુવાદ મારા પંડિતમિત્ર પં. અંબાલાલ પ્રે. શાહે યથાશક્તિ યથામતિ પ્રેમથી કરી આપ્યો છે. વાચક તેનો આસ્વાદ લે !

જે આત્માને નિમિત્તે પ્રત્યેક વર્ષે આવું પવિત્ર કાર્ય થયા કરે છે, એ આત્માનો વાસો ખરેખર કોઈ પુણ્યભૂમિમાં હોવો ઘટે, જે આવાં પુણ્યકાર્યોની અમને પ્રેરણા કરતો રહે છે.

પં. વીરવિજયજી મહારાજે આઠ કર્મોની આઠ એવી ચોસઠ પૂજાઓ રચી છે; એમાંથી ફક્ત અંતરાયકર્મને લગતું પૂજાષ્ટક અહીં રજૂ કર્યું છે—પુણ્યકાર્યોમાં થતા અંતરાયને દૂર કરવા.

ચંદ્રનગર
અમદાવાદ–૭

જયભિખ્ખુ

## ‘શુભવીર’

### [ પંડિત શ્રી. વીરવિજયજી મ. ]

પ્રસિદ્ધ પૂજાગીતિકાર, પંડિતકવિ પંન્યાસ શ્રી વીરવિજયજી મ૦, જેઓશ્રીએ ‘શુભવીર’ના તખલ્લુસથી પોતાની મોટા ભાગની કૃતિઓ રચી છે, તેઓ ઓગણીસમી સદીના જાણીતા સ્તુતિસ્તોત્રકાર, આખ્યાનકાર, રાસ ને કીર્તનકાર હતા. જૈનોના દયારામ તરીકે તેઓ વિખ્યાત હતા. તેઓએ પોતાની સંખ્યાબંધ કૃતિઓથી એ વખતના પદ્ય સાહિત્યને સભર કર્યું છે.

આ સ્વનામધન્ય કવિવરનો જન્મ ગુજરાતના પાટનગર અમદાવાદમાં, ઘીકાંટા આગળ, શાંતિદાસના પાડામાં, બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેઓનું નામ કેશવરામ હતું. પિતાનું નામ જટેસર ને માતાનું નામ વિજયાદેવી હતું. કેશવરામને રળિયાત નામની પત્ની હતી.

કેશવરામ એકવાર બહારગામ ગયા. મનમોજી આત્માને પાછા વળતાં અતિ મોડું થયું. માતાએ ખિજાઈને ઠપકો આપ્યો. જુવાન કેશવરામથી આ ઠપકો સહન ન થયો. એ રોયકા ગામે ગયા ને ત્યાં રહ્યા. ગરથ ગાંઠે નહોતું, પણ વિદ્યા પાઠે હતી. વારસામાં ઊતરી આવેલી કંઠસ્થ વિદ્યા એમની આજીવિકા માટે પૂરતી હતી.

માતાના વાત્સલ્યે ફરી વિજય મેળવ્યો, પણ કેશવનું અંતર વૈરાગ્યવાસિત થયું હતું. એ વખતે અમદાવાદ સુપ્રસિદ્ધ

જૈનપુરી લેખાતી, ને રાજનગર તરીકે વિખ્યાત હતી. અમદાવાદમાં શેઠ હેમાભાઈની, શેઠ પ્રેમાભાઈની શેઠ હઠીભાઈની જાહોજલાલીનો સમય ચાલતો હતો. મુંબઈમાં શેઠ મોતીચંદ અમીચંદ વગેરે અગ્રગણ્ય હતા.

વિદ્વાન જૈન સાધુઓ પણ ધર્મની ભરપૂર જાહોજલાલી પ્રવર્તાવતા વિહરતા હતા. રાજદ્વારે ને લોકદ્વારે આ મુનિપુંગવોની અજબ પ્રતિષ્ઠા હતી. અઢારે આલમ એમના શિષ્યપદમાં રાચતી.

એ કાળ ધર્મ-ઉછરંગનો હતો, ઓચ્છવરંગ વધામણાંનો હતો. નિત્ય જમણુ નિત્ય ઓચ્છવ, નિત્ય પ્રતિષ્ઠા ને નિત્ય સંઘોનાં ભવ્ય પ્રયાણુ થતાં રહેતાં. એ યુગ સુખ-શાંતિનો હતો. શત્રુંજય પર અસંખ્ય મંદિરો અદ્ભુત કલાકારીગરીથી નિર્માણુ થઈ રહ્યાં હતાં. આખું પાલીતાણા રાજ્ય નગરશેઠ હેમાભાઈને ત્યાં ગિરો હતું.

સ્વાભાવિક છે કે કેશવરામના વૈરાગ્યવાસિત દિલને જૈન સાધુઓનો પરિચય રુચ્યો હોય; એમના કડક સિદ્ધાંત અને અતિ કઠિન તપ–આચાર મનને ભાવ્યા હોય. એટલામાં માતાનો સ્વર્ગવાસ થયો. કદાચ નિઃસંતાન પત્ની પ્રથમ ગુજરી ગઈ હશે. કેશવરામ બધું વેચીસાટી માતાનું કારજ કરી 'ભલુ થયું ભાંગી જંજાળ'ની જેમ નિવૃત્ત થયા.

પછી સિદ્ધગિરિના કોઈ સંઘ સાથે કેશવરામે પાલીતાણા તરફ પ્રયાણુ કર્યું, પણ માર્ગમાં તેમને વ્યાધિએ ઘેરી લીધા. શ્રી. શુભવિજયજી નામના સુજ્ઞ મુનિરાજે તેમને પોતાની પાસે રાખ્યા ને ઉપચારથી સ્વસ્થ કર્યા. કેશવરામને 'સગપણ એક

સાચું રે જિન અનગાર'નું થઇ રહ્યું.

કેશવરામ હવે સાધુઓના અંતેવાસી બની ગયા, અને સ્વાધ્યાય, તપ ને વિહારનું મુનિ જેવું જીવન ગાળવા લાગ્યા. પાલીતાણાથી ખંભાત તરફ ગુરુએ વિહાર કર્યો. શાસ્ત્રાભ્યાસ ને તપ આચરતા કેશવરામ મુનિની જેમ ગુરુ સાથે વિહરી રહ્યા. માર્ગમાં પાનસર ગામે પં. કેશવરામે દીક્ષા ગ્રહણ કરી. (વિ. સં. ૧૮૪૮, કારતક) ખંભાતના શ્રીસંઘે દીક્ષાઉત્સવ કર્યો.

પં. કેશવરામ મુનિ વીરવિજય બન્યા. તેઓ પોતાના ગુરુભાઈ ધીરવિજયજી ને ભાનુવિજયજી સાથે સંયમ ને સ્વાધ્યાયમાં આગળ વધ્યા. અંદર સંસ્કારબીજ તો પડ્યાં જ હતાં, જરાક ઉષ્મા મળતાં અંતરની ઉખર ભૂમિને ભેદીને એ હરિયાળીરૂપે બહાર આવ્યાં.

કવિત્વનું ઝરણ ફૂટ્યું; એ કવિત્વને સંયમ, તપ ને ભક્તિનું ગાન ભાવ્યું. સં. ૧૮૫૮માં કવિશ્રીએ સુરસુંદરીરાસ, નેમિનાથ વિવાહલો (વિવાહનો ગરબો) ને સ્થૂલિભદ્રજીની શિયળવેલ રચી. પોતાના ગુરુ શુભવિજયજીનું ચરિત્ર 'શુભવેલી' નામથી રચ્યું.

આ પછી અમદાવાદથી તેઓ ગુરુ સાથે વડોદરા ગયા. ત્યાં યોગ વહેવરાવી ગુરુએ તેઓશ્રીને પંન્યાસપદથી વિભૂષિત કર્યા. (સં. ૧૮૬૦, ફાગણ સુદ ૧૨.) આ પછી તેઓશ્રીએ સુંદર કવિત્વ પમરાવતા લીંબડી, વઢવાણ, ભરૂચ, સુરત ને મુંબઈ સુધી વિહાર કર્યો. કવિમયૂર પોતાની કેકાથી સમાજને આહ્લાદિત કરી રહ્યો હતો.

એ વખતે યતિવર્ગનું પ્રાબલ્ય હતું. સુરતમાં એક યતિ

સાથે ઝઘડો થયો. ઝઘડો તિથિનો હતો. એમાં કવિવરે એવો સુંદર વાદવિવાદ કર્યો કે એથી ટોપીવાળો (અંગ્રેજ) રાજી થયો, ને સુરતમાં તેઓએ નિવાસ કર્યો.

આ પછી તેઓ રાજનગરમાં આવ્યા. આ વખતે શ્રી સંઘે ભઠ્ઠીની બારી પાસે પોષધશાળા નિર્માણ કરી. આ પોષધશાળામાં તેઓશ્રી રહ્યા. આજે પણ એ સ્થાન 'વીરના ઉપાશ્રય' તરીકે જાણીતું છે.

સં. ૧૮૭૦ માં એમણે શાસ્ત્રપ્રમાણથી પ્રતિમાસિદ્ધિ કરીને પ્રતિમાના વિરોધીઓને રાજદરબારમાં ઝાંખા પાડ્યા. આ વિવાદસભામાં ભુજ, ખેડા, અમદાવાદના જાણીતા પંડિતો ને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

રાજનગરના જાણીતા શેઠ હઠીસિંગ કેસરીસિંગે અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર ભવ્ય જિનાલય સ્થાપન કર્યું. પ્રતિષ્ઠા અગાઉ ભાવભર્યા શેઠશ્રી એકાએક ગુજરી ગયા. તેઓનાં બાહોશ ધર્મપત્ની હરકુંવર શેઠાણીએ દીનાનાથ જોશી પાસે મુહૂર્ત કઢાવ્યું, ને પં. શ્રી વીરવિજયજી મહારાજે અંજનશલાકા કરી. (સં. ૧૯૦૩, માહ વદિ ૧૧)

વિ. સં. ૧૮૮૭માં કવિશ્રીએ બાર વ્રતની પૂજા અમદાવાદમાં ભઠ્ઠીની બારીની પાસે આવેલી પોષધશાળામાં રહીને રચી, અને ભણાવી.

સં. ૧૯૦૮ના ભાદ્રપદ વદિ ૩ ના દિવસે વિદ્વાન કવિ મુનિરાજ અમદાવાદમાં કાળધર્મ પામ્યા.

પંન્યાસજી પ્રખર વિદ્વાન હતા, અને કવિ હતા. બાર

વ્રતની પૂજાની ઢાળોમાં તેઓએ આખા ઉપાસકદશાંગ સૂત્રને ગૂંથી લીધું છે; સાથે પ્રાચીન પૂર્વ પુરુષોનાં ચરિત્રો પણ તેમાં ગૂંથ્યાં છે. 'ચોસઠ પ્રકારી પૂજામાં' આખા કર્મવાદને સમાવી દીધો છે અને સરળ રીતે શ્રોતાઓને સમજાવી દીધો છે. તેઓએ રચેલી થોડીએક કૃતિઓનો નામોલ્લેખ કરીને આપણે સંતોષ લઈશું. આજનો કોઈ અભ્યાસી પં. વીરવિજયજીની પૂજાઓ, રાસાઓ અને સ્તવનો પર એક મહાનિબંધ લખી ડોકટરેટની પદવી લઈ શકે એટલી વિપુલ અને વિવિધ સામગ્રી એમની કૃતિઓમાં ભરી પડી છે.

**દશાર્ણભદ્રની સજ્ઝાય** (ઉત્તરાધ્યયન સૂત્રના આધારે); **કોણિકનું સામૈયું** (આચારાંગ સૂત્રના આધારે); **ચાતુર્માસિક દેવવંદન વિધિ, અક્ષયનિધિતપસ્તવન** (કલ્પસૂત્રના આધારે); **ચોસઠ પ્રકારી પૂજા**–કર્મ પર (સં. ૧૮૭૪, અમદાવાદ); **૪૫ આગમની પૂજા** (સં. ૧૮૮૧, અમ૦); **નવ્વાણુપ્રકારી પૂજા** (શત્રુંજય માહાત્મ્ય, સં. ૧૮૮૪, પાલીતાણા); **બાર વ્રતની પૂજા** (સં. ૧૮૮૭ દિવાળી, અમ૦, ઉપાસકદશાંગ સૂત્રના આધારે); **ઋષભ ચૈત્યવંદન** (ભાયખલા પ્રતિષ્ઠા સં. ૧૮૮૮); **પંચકલ્યાણક પૂજા** (શંખેશ્વર, સં. ૧૮૮૯); **મોતીશાનાં ઢાળિયાં; ધમ્મિલકુમાર રાસ; હિતશિખામણની સજ્ઝાય; મહાવીરના ૨૭ ભવનું સ્તવન; ચંદ્રશેખર રાસ; હઠીસિંહનાં ઢાળિયાં** (સં. ૧૯૦૨); **સિદ્ધાચલ–ગિરનાર સંઘ વર્ણન** (સં. ૧૯૦૫); **સંઘવણ હરકુંવર સિદ્ધક્ષેત્ર સ્તવન** સં. (૧૯૦૮); **સ્તવન–સજ્ઝાયાદિ.**

કવિશ્રી પોતાના જીવનના અંતિમ સમય સુધી ગીતિ રચતા જ રહ્યા.

તેઓ પ્રત્યેક પૂજાને અંતે પોતાની પરંપરા આપે છે; ને એ પાટપરંપરા અકબર–પ્રતિબોધક શ્રી. હીરવિજયસૂરિજીથી શરૂ કરે છે: શ્રી. હીરવિજયસૂરિ, શ્રી. વિજયસેનસૂરિ, શ્રી. વિજયદેવસૂરિ, શ્રી. વિજયસિંહસૂરિ, પં. સત્યવિજયજી, શ્રી. કપૂરવિજયજી, શ્રી. ખીમાવિજયજી, શ્રી. જસવિજયજી ને છેલ્લે પોતાના ગુરુ શુભવિજયજી બતાવે છે; તેઓના શિષ્ય તે પોતે.

# કર્મપ્રકૃતિ

કર્મ કર્યાથી કર્મ પેદા થાય છે. કર્મ કર્યાથી કર્મ તૂટે છે. નિષ્કામ થવું એ નિષ્કર્મ થવાનો મહાન માર્ગ છે. નિષ્કર્મ સાથે મુક્તિને ગાઢ સંબંધ છે.


જૈન ધર્મ ઈશ્વરને જગતનો કર્તા માનતો નથી; ઈશ્વરને માથે સુખદુખ દેવાનો, રાયરંક સર્જવાનો ટોપલો ઓઢાડતો નથી. એ માને છે, કે નર નિજ કરણી કરે, નારાયણ હો જાય! હર એક ભાવભીના આત્માને એ મૂર્છિત પરમાત્મા માને છે.

વિશ્વના જીવોમાં દેખાતી અજબ વિવિધતા માત્ર કર્મને આભારી છે. કર્મની ધરી પર સંસારનું ચક્ર વેગીલું ઘૂમ્યા કરે છે, ને કરણી દ્વારા પ્રાપ્ત કરેલા કર્મના આધારે જીવમાત્રને સુખદુઃખ, શુભ-અશુભ, ઊંચતા-નીચતા, પ્રિયાપ્રિય પ્રાપ્ત થયાં કરે છે.

સંસારસંચાલક, દુનિયા ડોલાવનાર, ઉન્નતિ–અવનતિનું કરનાર, સુખદુઃખ આપનાર, એક જ પ્રકારનો પુરુષાર્થ છતાં એકને વિજય અને બીજાને પરાજય અપાવનાર અદ્ભુત તત્ત્વ છે કર્મ.

કર્મ જૈન ધર્મનું પ્રાણભૂત તત્ત્વ છે.

સુવર્ણખાણમાં અનાદિ કાળથી સુવર્ણ ધરબાયેલું પડ્યું છે. એની સાથે માટીનું મિશ્રણ થયેલું છે. કેટલીક વાર સુવર્ણમાં માટીનો જ ભ્રમ થાય, એટલું ગાઢ મિશ્રણ છે. એ સુવર્ણમાં મળેલી મટોડીને ગાળવાની, તપાવવાની, અલગ કરવાની–શુદ્ધિકરણની–જેમ જેમ ક્રિયાઓ થતી જાય છે, એમ એમ એ સુવર્ણ પ્રગટ થતું જાય છે; ને એ રીતે શુદ્ધિકરણ ચાલુ રહે તો એક દહાડો સો ટચના સોના રૂપે એ પ્રસિદ્ધ થાય છે, પછી એના ચલણમાં ક્યાંય રુકાવટ રહેતી નથી.



જ્ઞાનાવરણીય કર્મ

ચેતન–આત્મારૂપી સુવર્ણ સાથે અનાદિ કાળથી કર્મરૂપ જડ મટોડી જોડાયેલી છે. ઘણી વાર કર્મ–મટોડી એટલી કારમી હોય છે કે આત્મા છે જ નહિ એવી ભ્રાંતિ થાય છે, પણ જેમ જેમ આત્મા તપ, ત્યાગ ને સમભાવ દ્વારા પરિશુદ્ધ થતો જાય છે, એમ એમ કર્મ–મટોડી દૂર થતી જાય છે: ધીરે ધીરે અમૂર્ત આત્મા મૂર્ત કર્મપુદ્ગલોથી સર્વથા મુક્ત થઈ જાય છે, પછી એની પરમ ગતિને–પરમ પદને–કોઈ રોકી શકતું નથી. આત્મા જ્યોતિર્મય, સત્, ચિત્ ને આનંદથી ભરપૂર બને છે. એનું ૮૪ લાખ જીવાયોનિનું ભ્રમણ ને સુખ–દુ:ખની અનુભૂતિ સર્વથા ટળી જાય છે.

જૈન ધર્મની દૃષ્ટિએ આ કર્મને આઠ વિભાગમાં વહેંચવામાં આવ્યાં છે:—

૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. વેદનીય, ૪. મોહનીય, ૫. આયુ, ૬. નામ, ૭. ગોત્ર ને ૮. અંતરાય.

**જ્ઞાનાવરણીય :** આ કર્મ આત્માને વસ્તુના સાચા જ્ઞાનથી વંચિત રાખે છે. એ માટે દૃષ્ટાંત છે, કે મૂર્તિ તો સ્વયં સમુજ્જ્વલ છે, પણ તેની આડે પડદાઓ પડેલા છે. એ પડદાને કારણે મૂર્તિના સત્ય સ્વરૂપથી માનવી વંચિત રહે છે. સંસારમાં એક મહાબુદ્ધિશાળી ને બીજો મહામૂર્ખ જોવા મળે છે, એ આ કર્મનું પરિણામ છે.



**દર્શનાવરણીય કર્મ**

દશવૈકાલિક સૂત્રમાં પહેલું જ્ઞાન અને પછી દયા એમ કહ્યું છે. જ્ઞાન વિના જીવ, ઘાંચીના બળદની જેમ, ફરે છે તો ઘણું, પણ રહે છે ઠેરનો ઠેર.

**દર્શનાવરણીય કર્મ** : આ કર્મ આત્માને વસ્તુનો સામાન્ય બોધ થવા દેતું નથી, મનને અસ્થિર–દોલાયમાન રાખે છે. રાજા રાજ-સભામાં બેઠો છે; સહુનાં સુખદુખ કાપે છે; પણ પહેરેગીર યાચકને દરવાજા પર જ પ્રવેશતાં રોકે છે, રાજાનાં દર્શન જ કરવા દેતો નથી. આવા પહેરેગીર જેવું આ અટકાયત કરનારું કર્મ છે.

દર્શનાવરણીયના નવ ભેદો બતાવ્યા છે, તેમાં પાંચ પ્રકારની નિદ્રા બતાવવામાં આવી છે. નિદ્રા મોહમહારાજાની દાસી લેખાઈ છે; એમાં ત્રણ મોટી નિદ્રાઓ છે ને બે નાની છે. આ નિદ્રાથી જગતના સર્વ જીવો મૂંઝાયેલા છે. આ વિશે વિશેષ જાણવું રસિક થઈ પડે તેવું છે.

**વેદનીય** : આ કર્મ બે પ્રકારનાં છે: શાતા વેદનીય ને અશાતા વેદનીય. તલવારની ધાર પર મધ લગાડેલું છે. માણસ જીભથી ચાટે છે. એને પ્રારંભમાં મધનો આસ્વાદ મળે છે, પણ પાછળ જીભ કપાવાનું જોખમ ખડું છે; અર્થાત્ સુખ અલ્પ ને દુઃખપ્રધાન કર્મ એ વેદનીય છે.

વેદનીયમાં દેવ–મનુષ્યને મુખ્યત્વે શાતા વેદનીય અને તિર્યંચ–નરકને



વેદનીય કર્મ

અશાતા વેદનીય હોય છે. શાતા વેદનીયથી સુખ મળે, પણ ત્યારે પ્રભુને સંભાર્યા ન હોય, તો તે નિરર્થક છે; એનાથી અશાતા વેદનીય સારું, જે પ્રભુને યાદ કરાવે. સુખે સાંભરે સોની, દુઃખે સાંભરે રામ, એ લોકોક્તિ જાણીતી છે.

**મોહનીય :** આ કર્મ આઠેય પ્રકારનાં કર્મોમાં મુખ્ય છે, આત્માને આગળ વધતો અટકાવનારું છે, ને ભલભલા મહાન આત્માઓ એનાથી મુક્ત થઈ શકતા નથી. મોહભરી મદિરા પીને જગત ઉન્મત્ત બનેલું છે. દારૂડિયો દારૂ પીને તત્ત્વને તત્ત્વ ને સારાખોટાને સારું ખોટું સમજી શકતો નથી; સમજ્યા છતાં આચરી શકતો નથી, એવું આ કર્મના કારણે બને છે. મોહનીય કર્મ બે પ્રકારનાં છે : દર્શનમોહનીય ને ચારિત્ર-મોહનીય. દર્શનમોહનીય દર્શન એટલે શ્રદ્ધાને અર્થાત્ આત્મવિકાસના પ્રથમ પગથિયા રૂપ સમકિતને રોકે છે; અને ચારિત્રમોહનીય વિરતિ અર્થાત્ વ્રત–નિયમ–પચ્ચખ્ખાણ તરફ અભિરુચિ થવા દેતું નથી; તેથી આઠેય કર્મોમાં આ મહા બળવાન કર્મ છે. આ તૂટતાં સાતેય કર્મ જલદી જલદી તૂટી જાય છે.

'ચાર ચતુર ચિત્ત ચોરટા રે,
મોહ મહીપતિ ઘેર રે.'



મોહનીય કર્મ

મોહરૂપ રાજાને ત્યાં ચાર ચોર છે: ક્રોધ, માન, માયા ને લોભ. ક્રોધ પૃથ્વીની ફાટ જેવો છે, ઝટ ન પુરાય. માન હાડકા જેવું છે, ઝટ ન નમે; માયા મેંઢાના શિંગડા જેવી, વાંકીચૂંકી છે, ને લોભ કાદવના રંગ સમાન છે, જલદી પાસ ન છૂટે.

આયુષ્ય : આ કર્મના ચાર ભેદ છે. આ કર્મ હોય ત્યાં સુધી દેવ, મનુષ્ય, તિર્યંચ ને નરકની ગતિમાં જીવ વારંવાર ભટકયા કરે છે. આ કર્મ પગમાં પડેલી જંજીર જેવું છે. આયુષ્યની કેદમાં જીવ કેદી હોય, દેહની દીવાલોથી ઘેરાયેલો હોય, ત્યાં સુધી મુક્તિ પામી શકતો નથી.

નામકર્મ : આ કર્મના શુભ અને અશુભ આદિ અનેક ભેદો છે. સારું શરીર–ખરાબ શરીર, સુસ્વર–દુસ્વર, સુનામ–કુનામ વગેરે આ કર્મથી પ્રાપ્ત થાય છે. ચિત્રકાર જેમ સારાં–ખોટાં ચિત્ર બનાવે, એક ચિત્ર એવું બનાવે કે લોકો એને જોઈ હાથ જોડે, બીજું ચિત્ર એવું બનાવે કે જેના લીધે લોક એના પર થૂંકે; બનાવવાનાં સાધનો સરખાં છે, ફક્ત ભાવના અલગ અલગ છે. એમ આ કર્મ સારા–ખોટા જીવોનું કે જીવસ્વભાવનું નિર્માણ કરે છે.

ગોત્રકર્મ : કુંભાર જેમ નાનામોટા ઘડા, કૂંડાં, કલાડાં, કુલડીઓ



આયુ કર્મ

બનાવે છે, એમ આ કર્મ ઊંચ કે નીચ, સંસ્કારી કે અસંસ્કારી કુલમાં જન્મ ધરવાના નિમિત્તરૂપ બને છે

**અંતરાયકર્મ :** માણસ મહેનત કરે, અને ફળ ન મળે; માણસ દાન આપવા ઇચ્છે ને દાન આપી ન શકે; માણસ કોઈનું સારું કરવા ઇચ્છે ને સારું કરી ન શકે, એ આ અંતરાયકર્મનો પ્રભાવ છે—જેમ રાજા દાન દેવાનો હુકમ કરે છે, પણ દીવાન દાન દેવા દેતો નથી, અંતરાય ખડો કરે છે યા બહાનાં કરીને ટાળે છે તેમ.

આ દરેક કર્મના ભેદો નીચે મુજબ છે :

જ્ઞાનાવરણીયના ૫, દર્શનાવરણીયના ૯, વેદનીયના ૨, મોહનીયના ૪, આયુષ્યના ૨૮, ગોત્રના ૪૨ ને અંતરાયના ૫ ભેદ છે.

પ્રસ્તુત પૂજા અંતરાયકર્મનિવારણની છે. એ કર્મના પાંચ ભેદ છે : દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય ને વીર્યાન્તરાય.

એક મોટી નહેર ખોદી, એમાં કોઈ તળાવનું, કોઈ નદીનું પાણી જળમાર્ગ દ્વારા આણવામાં આવે છે. આ માર્ગનાં પ્રવેશદ્વાર ખુલ્લાં હોય ત્યારે પાણી આવતું રહે; એ દ્વાર બંધ હોય ત્યારે પાણી આવતું અટકે.

*અમૂર્ત આત્મા સાથે કર્મનો લેપ આ રીતે થાય છે : એમાં*



નામ કર્મ

મુખ્યત્વે પાંચ કારણો માનવામાં આવ્યાં છે: મિથ્યાત્વ (આત્માના વિષયમાં અશ્રદ્ધા), અવિરતિ (હિંસાથી અટકવું નહિ ને ભોગોમાં આસક્તિ), પ્રમાદ (આત્મભાવનું ભૂલી જવું, કર્તવ્ય-અકર્તવ્ય ભૂલી જવાં), કષાય (ક્રોધ, લોભ આદિ) યોગ (મન, વચન ને કાયાની પ્રવૃત્તિ) આ કર્મોનાં આગમનને આસ્રવ અને બંધ તરીકે ઓળખવામાં આવે છે.

મન, વચન, કાયાના યોગથી આત્માને કર્મ ચોંટે છે; અને કષાયોની તર-તમતા પ્રમાણે આત્મા સાથે એ સજ્જડ કે સાધારણ તેમ જ ટૂંકા કે લાંબા કાળ માટે ચોંટી જાય છે. પ્રમાદનો સમાવેશ અવિરતિ અથવા કષાયમાં થઈ શકે છે. મિથ્યાત્વ ને અવિરતિનો પણ કષાયમાં સમાવેશ થઈ જાય છે; એટલે કર્મબંધનો હેતુ મુખ્યત્વે કષાય અને યોગ લેખી શકાય.

મન-વચન-કાયાની અસત્પ્રવૃત્તિનો નિગ્રહ, પાંચ સમિતિ, ક્ષમા-મૃદુતા-ઋજુતા-સંયમ વગેરે દસ પ્રકારનો ધર્મ, કષ્ટો પર વિજય, ચારિત્ર એટલે વિરતિ અને તપસ્યા દ્વારા કર્મબંધ રોકાય છે. તેને સંવર કહે છે; અને કર્મનો નાના રૂપમાં તપ આદિથી નાશ કરવામાં આવે તે નિર્જરા નામે ઓળખાય છે.

નિર્જરા સકામ અને અકામ બે પ્રકારની હોય છે.

તપ દ્વારા કર્મ દૂર થાય છે તે સકામ નિર્જરા. કર્મના ઉપભોગ



ગોત્ર કર્મ

દ્વારા કર્મ દૂર થાય તે અકામ નિર્જરા.

આમ્રવૃક્ષ પર રહેલી કેરીનું દૃષ્ટાંત આ માટે આપવામાં આવે છે. જો ઝાડ પર કેરીને રહેવા દેવામાં આવે તો સમયે પાકી જાય છે; આ અકામ નિર્જરા. ને કેરી કાચી ઉતારી પાલમાં નાખે તો વહેલી પાકી જાય છે, આ સકામ નિર્જરા.

આસ્રવ ને બંધ ભવભ્રમણનું કારણ છે.

સંવર ને નિર્જરા મોક્ષનાં કારણ છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય–એ ચાર કર્મ આત્માના મૂળ સ્વભાવને ક્ષતિ–ઘાત પહોંચાડે છે માટે તે ઘાતી કર્મ કહેવાય છે. બાકીનાં ચાર વેદનીય, નામ, ગોત્ર ને આયુષ્ય એ ચાર અઘાતી કહેવાય છેઃ એમ આઠ કર્મ પૂરાં થાય છે,

જૈનોએ આત્મસાધના માટે નવતત્ત્વ યા સાત તત્ત્વ કહ્યાં છે.

મુખ્ય બે તત્ત્વ—જીવ અને અજીવ.

જીવ તે ચેતન અને અજીવ તે જડ. કર્મનો અજીવમાં સમાવેશ થાય છે.

અજીવમાં આસ્રવ ને બંધ તે જીવનો કર્મ બાંધવાનો અધ્યવસાય



અંતરાય કર્મ

ને કર્મ સાથેનો સંબંધ. આ બે તત્ત્વો ત્યાજ્ય છે.

પછીનાં બે તત્ત્વો સંવર અને નિર્જરા. કર્મોની રુકાવટ ને આત્માની ઉજ્જવલ દશા. આ બે ગ્રાહ્ય તત્ત્વો છે

મોક્ષ એ અંતિમ ધ્યેય છે—આત્માની સંપૂર્ણ નિર્મળ સ્થિતિ છે.

જૈન ધર્મના કર્મવાદને ઘણા જુદી રીતે સમજે છે; પણ ખરી રીતે જૈનોનો કર્મવાદ એ નિરાશાવાદ નથી, એમાં રાજાનો છોકરો રાજા થાય–એવી પ્રજારાશાહીનો વિરોધ છે, ત્યાં કોઈની લાગવગ ચાલતી નથી. જેવું કરો તેવું પામો—તમારું સુખ તમારા હાથમાં, તમારું દુઃખ તમારા પ્રયત્નમાં—એવો ન્યાયી એ સિદ્ધાંત છે.

ભાગ્યવાદ-નિયતિવાદ—જેમાં માણસ કલ્પે છે કે પ્રયત્ન કરવાની શી જરૂર છે, જે થવાનું હશે તે થશે–આ નિષ્ક્રિયતાપ્રેરક નિરાશાવાદનો જૈન ધર્મે નિષેધ કર્યો છે; આ વાદનો પ્રચારક ભ. મહાવીરનો પ્રથમ શિષ્ય ગોશાલક હતો; તેને સંઘમાંથી બહિષ્કૃત કર્યો હતો.

જૈનોનો કર્મવાદ આશાવાદ છે. સંસારની અનેક અજાયબીનો એ જવાબ છે. જીવનાં સારા–નરસાં કર્મ કદી વિફળ થતાં નથી, એ વાતનું એ પૂર્વજન્મ ને પુનર્જન્મની ફિલસૂફી દ્વારા સમર્થન કરે છે.

આજ ભલે અંધકાર ઘેરાયેલો હોય, પ્રાણી યત્ન કરતો રહેશે, તો કાલે અવશ્ય પ્રકાશ પ્રાપ્ત થવાનો છે : જૈનોના કર્મવાદનો આ સંદેશ છે.

એ સંદેશ માનવીને સુખમાં છકી ન જવા અને વિપત્તિમાં મૂંઝાઈ ન જવા કહે છે. જેવી આજ છે, તેવી કાલ નથી ! મહાદુઃખનો પણ છેડો છે; મહાસુખનો પણ અંત છે ! સુખદુખ બંને એક અર્થમાં તજવાં જેવાં છે, મોક્ષના મહાસુખ માટે. અને એ માટે રાગ-દ્વેષ દૂર કરવાના યત્નની જરૂર છે. કર્મ કરતી વખતે સારાસારનો વિચાર કરવો જરૂરી છે : અને એનું પરિણામ ભોગવતાં મર્દનું દિલ રાખવું ઉચિત છે. કહ્યું છે—

‘ બંધ સમય ચિત્ત ચેતીએ, શ્યો ઉદયે સંતાપ;
સહુ શોક વધે સંતાપથી, શોક નરકની છાપ. ’

જીવ જ્યારે કર્મ બાંધવા લાગે છે, ત્યારે તેણે કાર્ય–અકાર્ય અને તેના સારા–ખોટા ફળનો વિચાર કરવો જોઈએ. કર્મ કર્યા પછી, જ્યારે કર્મનો ઉદય થાય ત્યારે, હાયવોય કરવાથી શું વળે ? શોક તો ખરેખર નરક રૂપ છે.



કવિવર પંડિત શ્રી વીરવિજયજીકૃત—

# અંતરાયકર્મસૂદનાર્થ

# અષ્ટપ્રકારી પૂજા





# પ્રથમ જળપૂજા



## દુહા

શ્રી શંખેશ્વર શિર ધરી, પ્રણમી શ્રી ગુરુ પાય;
વાંછિત પદ વરવા ભણી, ટાળીશું અંતરાય. ૧

[શ્રી. શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુને મસ્તક નમાવીને, શ્રીગુરુદેવના ચરણમાં પ્રણામ કરીને, વાંછિત સ્થાન એટલે મોક્ષપદ મેળવવા માટે આ પૂજા ભણાવી, આડે આવતાં અંતરાય કર્મને દૂર કરીશું.]

જિમ રાજા રિઝયો થકો, દેતાં દાન અપાર;
ભંડારી ખિજ્યો થકો, વારંતો તેણી વાર. ૨

[અંતરાય કર્મ કેવા પ્રકારનું છે, તે દાખલાથી સમજાવે છે: જેમ રાજા પ્રસન્ન થયો. એણે ઇનામ આપવા કહ્યું; પણ ખીજે બળેલો ભંડારી દાન આપવામાં વિલંબ લગાડે અથવા તે ટાળે તેવું અંતરાય-કર્મનું સ્વરૂપ સમજવું.]

તિમ એ કર્મ ઉદય થકી, સંસારી કહેવાય;
ધર્મ-કર્મ સાધન ભણી, વિઘન કરે અપાર. ૩

[એ પ્રમાણે અંતરાયકર્મના ઉદયથી જીવ સંસારમાં—ભવરણમાં ભટકે છે. આ કર્મ ધર્મધ્યાનનાં સાધનો મેળવવામાં ઘણી હરકતો ખડી કરે છે.]

અરિહાને અવલંબને, તરિયે ઈણ સંસાર;
અંતરાય ઉચ્છેદવા, પૂજા અષ્ટ પ્રકાર. ૪

[આ ભવરણનો પાર પામવા અરિહંતનો આધાર શોધવો જોઈએ; અંતરાય કર્મનો નાશ કરવા આઠ પ્રકારે અરિહંત દેવની પૂજા કરવી જોઈએ.]

# ૧

## ઢાળ

જળપૂજા કરી જિનરાજ, આગળ વાત વીતી કહો રે;
કહેતાં નવિ આણો લાજ, કર જોડીને આગળ રહો રે.
જળપૂજા કરી જિનરાજ૦ ૧

[શ્રી. જિનેશ્વર દેવનો જળથી અભિષેક કરતાં, તેઓની સમક્ષ દિલ ખોલીને વીતેલી તમામ વાતો પ્રગટ કરો. આ પ્રકારની વાતો કહેતાં મનમાં શરમ કે લજ્જાનો ભાવ ન આણો, અને હાથ જોડીને દીનભાવથી આગળ ઊભા રહો ને કહો.]

જિનપૂજાનો અંતરાય, આગમલોપી નિંદા ભજી રે;
વિપરીત પ્રરૂપણા થાય, દીનતણી કરુણા તજી રે.
જળપૂજા કરી જિનરાજ૦ ૨

[હે પ્રભુ! મેં કેવી રીતે અંતરાય ઊભા કર્યા, તે કહું છું: કોઈ જિનપૂજા કરતું હોય તેને રોકયું, આપનાં કલ્યાણકારી વચનોથી ભરેલાં આગમ-શાસ્ત્ર લોપ્યાં, નિંદા કરવામાં આનંદ માણ્યો, શાસ્ત્રની આણાથી વિરોધી વચન કાઢયાં, ને ગરીબો ઉપર દયા ન કરી.]

તપસી ન નમ્યા અણગાર, જીવતણી મેં હિંસા સજી રે;
નવિ મળિયો આ સંસાર, તુમ સરિખો રે શ્રીનાથજી રે.
જળપૂજા કરી જિનરાજ૦ ૩

[મુનિ અને વળી તપસ્વી, એમને પણ ન નમ્યો, અને અનેક પ્રકારે મેં જીવહિંસા કરી; કારણ કે સાચાને સાચું ને ખોટાને ખોટું બતાવનાર તારા જેવો ભગવાન મને સંસારમાં ન મળ્યો!]

રાંક ઉપર કીધો કોપ, માઠાં કર્મ પ્રકાશિયાં રે;
ધર્મમારગનો લોપ, પરમારથ કેતાં હાંસિયાં રે,
જળપૂજા કરી જિનરાજ૦ ૪

[મેં ગરીબ પર ક્રોધ કર્યો ને કોઈનાં ખોટાં કામ જાહેર કર્યાં. ચાડી–ચુગલી ખાધી, ધર્મના જે રસ્તા તે બધા મેં ખેરવી નાખ્યા, ને પરોપકારની વાતો કરનારની મેં હાંસી–મજાક ઉડાવી.]

ભણતાને કર્યો અંતરાય, દાન દિયંતાં મેં વારિયા રે;
ગીતારથને હેલાય, જૂઠ બોલી ધન ચોરિયાં રે.
જળપૂજા કરી જિનરાજ૦ ૫

[ વિદ્યાના ઉપાસકોને વિદ્યા ભણવામાં વિપદા નાખી; કોઈ દાન આપતું હોય તો આડો હાથ કરી તેને વાર્યો; જ્ઞાની જનોની નિંદા કરી અને જૂઠું બોલીને ધન મેળવ્યું, જે ધનની ચોરી કર્યા બરાબર છે. ]

નર, પશુઆં, બાળક, દીન, ભૂખ્યાં રાખી આપે જમ્યો રે;
ધર્મ વેળાએ બળહીન, પરદારાશું રંગે રમ્યો રે.
જળપૂજા કરી જિનરાજ૦ ૬

[ નોકર, ઢોરઢાંખર, બાળક અને દીન–ગરીબને જમાડીને જમવું એ ધર્મમાર્ગ છે: તેના બદલે તેઓને ભૂખ્યાં–તરસ્યાં રાખી પોતે જમ્યો. અને ધર્મનાં કામ આવ્યાં, એમાં નબળો બની ગયો. અને પરદારા આદિ વિષયો રંગથી ભોગવવામાં ભારે જોર દાખવ્યું ! સારાંશમાં ધર્મમાં ઢીલો રહ્યો, કર્મમાં શૂરવીર થયો. ]

કૂડે કાગળિયે વ્યાપાર, થાપણ રાખીને ઓળવી રે;
વેચ્યાં પરદેશ મોઝાર, બાળ કુમારિકા ભોળવી રે.
જળપૂજા કરી જિનરાજ૦ ૭

વ્યાપારમાં નામાંઠામાં ખોટાં રાખ્યાં, ખોટા દસ્તાવેજ કર્યા, ખોટાં લખત કર્યાં અને કોઈ વિશ્વાસુ મિલકત સાચવવા મૂકી ગયો હોય, તે પચાવી પાડી. તેમ જ બાળક અને બાળિકાઓને ભોળવી બીજે લઈ જઈ વેચ્યાં–લોહીનો વેપાર કર્યો. ]

પિંજરિયે પોપટ દીધ, કેતી વાત કહું ઘણી રે;
અંતરાય કરમ એમ કીધ, તે સવિ જાણો છો જગધણી રે.
જળપૂજા કરી જિનરાજ૦ ૮

[ પાંજરામાં પોપટ આદિ પંખી પૂર્યાં : આવી ઘણી વાતો છે, કેટકેટલી આપની આગળ કહું ? એ રીતે અંતરાય કર્મ મેં બાંધ્યાં, તે બધું હું કહું છું, પણ આપ જગતના સ્વામી તો થોડું કહ્યું ઝાઝું જાણો છો. ]

જળે પૂજંતી દ્વિજ નારી, સોમસિરિ મુગતિ વરી રે;
'શુભવીર' જગત આધાર, આણા મેં પણ શિર ધરી રે.
જળપૂજા કરી જિનરાજ૦ ૯

[ હે પ્રભુ ! જળથી આપની પૂજા કરનારી બ્રાહ્મણ સ્ત્રી સોમશ્રી મુક્તિને પામી. બ્રહ્મપુર નામે નગર. સોમિલ નામે વિપ્ર. સોમશ્રી નામે પુત્રવધૂ. સોમશ્રી એકવાર જળનો કુંભ ભરીને આવતી હતી. ત્યાં તેણે સાંભળ્યું કે ભગવાનની જળથી પૂજા કરવાથી નિર્મળ જ્ઞાન મળે અને આત્મા અભયને પામે. સોમશ્રી સંસ્કારી હતી. એણે જળ ભરેલો ઘડો અભિષેક માટે પ્રભુ પાસે મૂકી દીધો.

સાસુને આ વાતની જાણ થઈ. એ લાકડી લઈને ઘરના દ્વારમાં ખડી રહી ને બોલી : 'ઘડા વગર ઘરમાં પેસવા નહિ દઉં, વહુ !'

સોમશ્રી પાછી વળી. કુંભારને ત્યાં ગઈ અને પોતાના સુવર્ણ વલયના બદલામાં ઘડો આપવા વિનંતી કરી. કુંભાર સંસ્કારી હતો. એણે પૂજાનું નિમિત્ત જાણી ઘડો મફત આપ્યો. ઘડો લઈ સોમશ્રી પાછી આવી.

આ પછી સોમશ્રી જળપૂજા કરવાથી કુંભશ્રી નામે રાજકુમારી થઈ અને કુંભાર અનુમોદના કરવાથી શ્રીધર નામે રાજા થયો. સાસુ દુર્ગતિ પામી. રાજકુમારી કુંભશ્રી પાંચમે ભવે મોક્ષપદને પામી.

આ દૃષ્ટાંત આપતા આ પૂજાના રચયિતા કવિ શ્રી વીરવિજયજી મહારાજ કહે છે કે હે જગતના આધાર! આપની આણાનો મેં પણ સ્વીકાર કર્યો છે, કારણ કે ‘ આણાએ ધમ્મો ! ’]

## काव्यम् ।

[ उपजातिवृत्तम् ]

तीर्थोदकैर्मिश्रितचन्दनौघैः संसारतापाहतये सुशीतैः ।
जरा-जनीप्रान्तरजोऽभिशान्त्यै तत्कर्मदाहार्थमजं यजेऽहम् ॥१॥

[द्रुतविलम्बितवृत्तद्वयम् ।]

सुरनदीजलपूर्णघटैर्घनै-र्घुसृणमिश्रितवारिभृतैः परैः ।
स्नपय तीर्थकृतं गुणवारिधिं विमलतां क्रियतां च निजात्मनः॥२॥

जनमनोमणिभाजनभारया शमरसैकसुधारसधारया ।
सकलबोधकलारमणीयकं सहजसिद्धमहं परिपूजये ॥३॥

**मन्त्रः**—ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्यु-निवारणाय श्रीमते जिनेन्द्राय विघ्नस्थानकोच्छेदनाय जलं यजामहे स्वाहा ॥

સંસારસંતાપ નિવારનારાં, તીર્થોતણાં ચંદન શીત વારિ;
વિદારું હું જન્મ-જરા-મૃતિને, પંચામૃતોથી અરિહંત ઝારી. ૧

ગંગાજલ ચંદનભર્યાં, કુંભો નિર્મળ ગાત્ર-
નવડાવો અરિહંતનાં, કરવા મુક્તિપાત્ર. ૨
માનવ-મનમણિ ભાર જે, શમરસ અમૃત ધાર;
કરવા બોધ નિજાતમને, પૂજો સિદ્ધ ભગવાન. ૩

પરમપુરુષ પરમેશ્વરા, જન્મ મરણ અજ્ઞાન;
ઉચ્છેદે, તે વીરને, પૂજું જળે સહમાન.

# બીજી ચંદનપૂજા

## દોહા

શીતળ ગુણ જેમાં રહ્યો, શીતળ પ્રભુમુખ રંગ;
આત્મ શીતળ કરવા ભણી, પૂજો અરિહા-અંગ. ૧

[જે પ્રભુમુખનો રંગ પ્રશમ રસભર્યો શીતળ છે, ને જેનો દર્શન રૂપી ગુણ પણ શીતળ છે, એ અરિહંત ભગવાનનાં અંગોની આત્માને શીતળ કરવા માટે પૂજા કરો.]

અંગવિલેપન પૂજના, પૂજો ધરી ધનસાર;
ઉત્તરપયડી પંચમાં, દાનવિઘન પરિહાર. ૨

[કપૂરમિશ્રિત ચંદનથી પ્રભુનાં અંગ પર વિલેપન કરો અને એ રીતે અંતરાયકર્મની પાંચ ઉત્તર પ્રકૃતિમાંથી (૧. દાનાંતરાય, ૨. લાભાંતરાય, ૩. ભોગાંતરાય, ૪. ઉપભોગાંતરાય, ૫. વીર્યાંતરાય) પહેલી દાનાંતરાય પ્રકૃતિનો નાશ કરો.]

## ૨

### ઢાળ

કરપી ભૂંડો સંસારમાં રે, જેમ કપીલા નાર;
દાન ન દીધું મુનિરાજને રે, શ્રેણિકને દરબાર.
કરપી ભૂંડો સંસારમાં રે! ૧

[રાજા શ્રેણિકે એક વાર કપિલા નામની પોતાની દાસીને એક મુનિને દાન દેવા કહ્યું. રાજાનો હુકમ હતો એટલે કપિલાને દાન દેવું પડ્યું, પણ એણે કહ્યું, 'હું દાન આપતી નથી, રે મુનિ! રાજાનો ચાટવો તને દાન આપે છે!' અનાયાસે મળતું પુણ્ય તે લઈ શકી નહિ. દાનાંતરાય તે આનું નામ. ખરેખર! કૃપણનો મનખો ભારે ભૂંડો છે.]

કરપી શાસ્ત્ર ન સાંભળે રે, તિણે નવિ પામે ધર્મ;
ધર્મ વિના પશુ-પ્રાણિયા રે, છંડે નહિ કુકર્મ.
કરપી ભૂંડો સંસારમાં રે! ૨

[કંજૂસ કદાચ મન પીગળી જાય એ ડરથી ધર્મગ્રંથ સાંભળતો નથી, અને એટલે એને ધર્મની પરિણતિ પણ થતી નથી. ધર્મ વગરનો માણસ પશુ સમાન છે. 'ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ' કંજૂસો સત્કર્મને સત્કર્મ સમજી સ્વીકારતા નથી, ને દુષ્કર્મને દુષ્કર્મ સમજવા છતાં તજી શકતા નથી.]

દાનતણા અંતરાયથી રે, દાનતણો પરિણામ;
નવિ પામે ઉપદેશથી રે, લોક ન લે તસ નામ.
કરપી ભૂંડો સંસારમાં રે! ૩

[ઘણા કૃપણ આત્માઓને સદ્દગુરુ સદુપદેશથી ભીંજવવા માગે છે] પણ; પૂર્વભવમાં દાનાંતરાય કર્મ ઉપાર્જન કરવાથી આ વખતે દાનનો ભાવ જાગતો જ નથી! અને આ કારણે કંજૂસ કંજૂસ જ રહે છે ને એવાનું નામ પણ લોકો યાદ કરતા નથી, નામ લેવામાં અપશુકન માને છે!]

કૃપણતા અતિ સાંભળી રે, નાવે ઘર અણગાર;
વિશ્વાસી ઘર આવતા રે, કલ્પે મુનિ આચાર.
કરપી ભૂંડો સંસારમાં રે! ૪

[અતિ કંજૂસ તરીકે જેની ખ્યાતિ હોય તે ગૃહસ્થના ઘેર મુનિજનો પણ ભિક્ષા માટે જતા નથી. મુનિજનોનો એ આચાર છે કે શ્રદ્ધાવાનના ઘેર ભિક્ષા માટે જવું.]

કરપી લક્ષ્મીવંતને રે, મિત્ર સ્વજન રહે દૂર;
અલ્પધની ગુણ દાનથી રે, વંછે લોક પંડુર.
કરપી ભૂંડો સંસારમાં રે! ૫

[કૃપણ એવા શ્રીમંતથી તેનાં મિત્ર તથા સગાંવહાલાં દૂર રહે છે ને થોડા પૈસાવાળો હોવા છતાં દાનગુણીનો લોક સંસર્ગ ઇચ્છે છે.]

કલ્પતરુ કનકાચળે રે, નવિ કરતા ઉપગાર;
તેથી મરુધર રૂડો કેરડો રે, પંથગ છાંય લગાર.
કરપી ભૂંડો સંસારમાં રે! ૬

[સુવર્ણમેરુ પર્વત પર કલ્પતરુ ભલે હોય, પણ અહીંના લોકને જરા પણ ફાયદાકારક નથી. એ કલ્પતરુ કરતાં તો મારવાડના કેરડાનું ઝાડ સારું, જે પથિકને થોડીઘણી પણ છાયા આપે છે—લોકના ઉપયોગમાં આવે છે.]

ચંદનપૂજા ધન વાવરે રે, ક્ષય ઉપશમ અંતરાય;
જિમ જયસૂર ને શુભમતિ રે, ક્ષાયિક ગુણ પ્રગટાય.
કરપી ભૂંડો સંસારમાં રે! ૭

[પ્રભુની ચંદનાદિથી પૂજા કરનારનાં અંતરાય કર્મ ક્ષયોપશમ પામે છે, ને જેમ જયસૂર રાજા ને શુભમતિ રાણીને ક્ષાયિક ગુણ પ્રગટ્યો, તેમ ક્ષાયિક ગુણ પ્રગટે છે.

એક રાજાની કુંવરી. ખૂબ સુંદર. પિતાએ ભારે ઠાઠમાઠથી એનાં લગ્ન કર્યાં. એ પતિની પ્રાણવલ્લભા બની રહી. એવામાં એના દેહે રોગ આવ્યો, તેનો શ્વાસ દુર્ગંધમય બની ગયો. તેની દેહમાંથી પણ સડેલા શબ જેવી ગંધ આવવા લાગી. વૈદ્ય—હકીમ નિષ્ફળ ગયા. રાજાએ કંટાળીને જંગલમાં એકદંડિયો મહેલ કરાવી રાણીને ત્યાં રાખી!

રાણી વિચાર કરવા લાગી: 'મારે અન્યને શા માટે દોષ દેવો? કારણ વગર કાર્ય ન બને. મેં જ કોઈ એવાં કર્મ કર્યાં હશે!'

એ વખતે એક શુકયુગલ ત્યાં આવ્યું. શુકે પોતાની શુકાને વાત કરી: 'ઓહ! કર્મની ગતિ વિચિત્ર છે. આ રાણી કોઈ ભવમાં શુભમતિ નામે રાણી હતી. જયસૂર નામે રાજવી તેનો પતિ હતો. વનમાં ફરતાં એક વાર એમના નાકને દુર્ગંધ સ્પર્શી ગઈ. રાણી નાકે રૂમાલ દાબતી બોલી, 'ઓહ! આ દુર્ગંધ દૂર કરો!'

રાજા કહે, 'આ ગંધ મુનિની દેહમાંથી આવે છે. આ મુનિઓ સંયમરૂપ જળમાં સ્નાન કરનાર છે, નિત્ય પવિત્ર જ છે.' છતાં રાણીના આગ્રહથી રાજાએ જળથી મુનિને પખાળ્યા ને અત્તર વગેરેથી વિલેપન કર્યું! રાજા–રાણી ચાલ્યાં ગયાં, પણ સુગંધલોભી ભમરાઓ આવ્યા ને એમણે સાધુના ડિલને ફોલી ખાધું.

શુભમતિ થોડા વખતે પતિ સાથે ત્યાં આવી. એણે સાધુને શોધ્યા તો ન મળે! એક ઠેકાણે દવથી દાઝેલું થડિયું ઊભું હતું. જોયું તો પેલા દયાના સાગર મુનિ! કેવી દુર્દશા! રાણી ખૂબ અફસોસ કરી રહી. વિવેક વગર સારું કરવા જતાં ખરાબ થયું! ખરેખર, ધૂળથી ને કાદવથી લોકો મલિન નથી, પણ પાપરૂપ પંકથી જે મલિન છે, તે જ ખરા મલિન છે.

શુકા શુકને પૂછવા લાગી: 'આ રાણીનો દેહ નિર્મળ કેમ બને?' શુક કહે, 'પ્રભુચરણની પૂજાથી સર્વ ઇચ્છિત પ્રાપ્ત થાય છે. ગંધથી પ્રભુપૂજા કરે તો તેની દુર્ગંધ જાય અને તે નીરોગી થાય.' રાણીએ તેમ કર્યું અને તે નીરોગી થઈ.]

શ્રાવક દાનગુણે કરી રે, તુંગિયાભંગ દુવાર;
શ્રી 'શુભવીરે' વખાણિયા રે, પંચમ અંગ મોઝાર.
કરપી ભૂંડો સંસારમાં રે! ૮

[ શ્રી મહાવીર પરમાત્માએ પાંચમા અંગ–ભગવતીસૂત્ર–માં તુંગિયા નગરીના શ્રાવકોનાં વખાણ કરતાં કહ્યું છે કે તે શ્રાવકોનાં દ્વાર આશા કરીને આવનારાઓ માટે સદાકાળ અભંગ–ખુલ્લાં રહેતાં. ધન્ય છે એવા દાનેશ્વરીઓને ! ]

## काव्यम् ।

जिनपतेर्वरगन्धसुपूजनं जनि-जरा-मरणोद्भवभीतिहृत् ।
सकलरोग-वियोग-विपद्धरं कुरु करेण सदा निजपावनम् ॥१॥
सहजकर्मकलङ्कविनाशनै–रमलभावसुवासनचन्दनैः ।
अनुपमानगुणावलिदायकं सहजसिद्धमहं परिपूजये ॥२॥

**मन्त्रः** —ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्यु-निवारणाय श्रीमते जिनेन्द्राय दानान्तरायनिवारणाय चन्दनं यजामहे स्वाहा ॥

જન્મ મરણના ભય હરે, ચંદનપૂજા ભગવંત;
રોગ વિયોગ દૂરે કરે, પાવન આત્મ જીવંત. ૧
કર્મકલંક નિવારવા, ચંદન નિર્મળ ગંધ;
અનુપમ ગુણદાયક સદા, પૂજો સિદ્ધ સુબુદ્ધ. ૨

પરમપુરુષ પરમેશ્વરા, જન્મ મરણ અજ્ઞાન;
ઉચ્છેદે તે વીરને, અર્ચો ચંદન સુજાન.

# ત્રીજી પુષ્પપૂજા

## દોહા

હવે ત્રીજી સુમનસતણી, સુમનસ કરણ સ્વભાવ;
ભાવસુગંધ કરણ ભણી, દ્રવ્યકુસુમ પ્રસ્તાવ. ૧

[હવે પ્રભુની ત્રીજી પૂજા ફૂલોથી કરો, જે પૂજા મનને હળવું ફૂલ બનાવનારી છે. આત્મામાં ભાવસુગંધ પેદા કરવા માટે દ્રવ્યસુગંધથી એટલે પુષ્પોથી પ્રભુપૂજા કરવી ઘટે.]

માલતી ફૂલે પૂજતી, લાભવિઘન કરી હાણ;
વણિગસુતા લીલાવતી, પામી પદ નિરવાણ. ૨

[પ્રભુની પૂજા માલતીનાં ફૂલે રચતી વણિકપુત્રી લીલાવતી લાભાંતરાયનો નાશ કરી, મુક્તિને પામી.

લીલાવતી નામે વણિકપુત્રી. ઉત્તરમથુરાની રહેનારી. વિનયરત્ન નામના વ્યવહારિયાને પરણી. વિનયરત્નને જિનમતી નામની એક પત્ની હતી. જિનમતી જિનેશ્વરદેવની પૂજા કરતી, બગીચાનાં સુંદર ફૂલોનો હાર કરી પ્રભુકંઠે સ્થાપન કરતી. શોખીન લીલાવતીને આ ન રુચ્યું. અંબોડા માટે, હારગજરા માટે, સેજ માટે ફૂલો વાપરવા આગ્રહ કરવા

લાગી. એક વાર જિનમતીએ પ્રભુપૂજા માટે બનાવેલો હાર લીલાવતીએ ફેંકી દેવરાવ્યો; પણ એ હાર એને સર્પરૂપ દેખાયો ! એણે અંબોડે વીંટચો તો ત્યાં સર્પનો ફૂંફાડો સંભળાયો ! ઓહ ! જિનમતી માટે જે હાર હતો, એ લીલાવતી માટે હળાહળ ઝેરવાળો સર્પ બન્યો.

લીલાવતી છોભીલી પડી ગઈ. એ પોતાની ભૂલ સમજી અને શોકયના ચરણમાં પડી. એકદા મુનિઓ આવ્યા. લીલાવતીએ પોતાની વાત વિગતથી કહી. મુનિઓ બોલ્યા : 'પોતાને જે અતિ પ્રિય તે પ્રભુચરણે અર્પણ કરવું ઘટે. તું ભાવથી–તારું અંતઃકરણ ભક્તિની સુગંધવાળું કરીને–એક પુષ્પથી પણ પ્રભુપૂજા કરીશ તોય તારું કલ્યાણ થશે !'

લીલાવતી ત્રિકાળ પૂજા કરવા લાગી. એનો ભાઈ ગુણધર પણ એનના લીધે પૂજામાં ભક્તિવંત થયો. બંને મરીને સારા સ્થળે જન્મ્યાં.

લીલાવતી સુરપુરના રાજાની પુત્રી વિનયશ્રી તરીકે જન્મી. તેનો ભાઈ પદ્મપુરના રાજાને ત્યાં જય નામે કુમાર થયો. કાળક્રમે બંને પરણ્યાં. એક મુનિના ઉપદેશથી તેઓને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેઓએ જાણ્યું કે પરભવમાં પોતે બાઇ–બ્હેન હતાં, ને આ ભવે પતિ–પત્ની થયાં. આથી વૈરાગ્ય થયો, ને દીક્ષા લઈ કલ્યાણને વર્યાં. ]

## ૩

### ઢાળ

મનમંદિર આવો રે, કહું એક વાતલડી;
અજ્ઞાનીની સંગે રે, રમિયો રાતલડી.
મનમંદિર આવો રે૦ ૧

[ હે પ્રભુ ! મારા મનમંદિરમાં આવીને બિરાજો. મારે આપવીતી કહેવી છે. વિષય–કષાયની અનેક રાતો મેં અજ્ઞાનીની સોબતમાં–ગમેતેવા ભવ કરવામાં–ગુમાવી છે. ]

વ્યાપાર કરેવા રે, દેશ–વિદેશ ચલે;
પર સેવા હેવા રે, કોડી ન એક મળે.
મનમંદિર આવો રે૦ ૨

[ વ્યાપાર–વણજ માટે મેં દેશ–વિદેશ ખેડ્યા, પારકાની તાબેદારી વેઠી, પણ એક કાણી કોડીયે મળી નહિ ! ]

રાજગૃહી નગરે રે, દ્રુમક એક ફરે;
ભિક્ષાચર વૃત્તિએ રે, દુઃખે પેટ ભરે.
મનમંદિર આવો રે૦ ૩

લાભાંતરાયે રે, લોક ન તાસ દીએ;
શિલા પાડંતો રે, પહોંતો સાતમીએ.
મનમંદિર આવો રે૦ ૪

[ રાજગૃહી નગરી હતી. એક ભિક્ષુક હતો. ઘેર ઘેર ફરતો હતો, છતાં ભિક્ષા મળતી નહોતી. પેટ ભરવાનું મહાદુઃખ હતું. આનું કારણ એણે પોતાનાં લાભાંતરાય કર્મને ન લેખ્યાં, અરે નગરજનો પર રોષ કર્યો. નજીકમાં વૈભાર પર્વત હતો. એ પર્વત પર મોટી શિલાઓ હતી. નગરલોકને છૂંદી નાખવા ભિક્ષુક એ શિલાઓ નગર પર ગબડાવવા

લાગ્યો. એક શિલા પાડતાં પોતે પડી ગયો, ને શિલા નીચે કચરાઈ મર્યો. ' ખાડો ખોદે તે પડે ' તેવું થયું. મર્યા પછી સાતમી નરકે પહોંચ્યો. આ ભિક્ષુકે પોતાને ભિક્ષા ન મળવાનું સાચું કારણ ન જાણ્યું. એ સાચું કારણ તે એણે ઉપાર્જન કરેલાં લાભાંતરાય કર્મ ! એણે પોતાનાં કર્મ પિછાણ્યાં હોત–પૂર્વે જેવું કર્યું હશે તેવું પામતો હઈશ, એમ વિચાર્યું હોત–તો મનને સંતોષ પ્રાપ્ત થાત અને એની કુગતિ થતી અટકત. ]

ઢંઢણ અણગારો રે, ગોચરી નિત્ય ફરે;
પશુઆં અંતરાયે રે, આહાર વિના વિચરે.
મનમંદિર આવો રે૦ ૫

[ એક મહામુનિ હતા. મૂળ શ્રીકૃષ્ણના પુત્ર હતા. નામ ઢંઢણકુમાર હતું. તેઓને પણ ભિક્ષા લેવા જતાં આહાર મળતો નહિ. પોતે દ્વારકાપતિ શ્રીકૃષ્ણના પુત્ર છે, જગદ્ગુરુ નેમનાથ પ્રભુના શિષ્ય છે, અને દ્વારકા નગરી સોનાની છે, પણ આહાર મળતો નથી! છતાં મુનિ દુઃખ પામતા નથી, માઠું લગાડતા નથી; વિચારે છે કે કારણ વિના કાર્ય પેદા થતું નથી!

તેઓએ પ્રભુ પાસેથી જાણ્યું કે પૂર્વભવમાં પોતે પારાશર નામના ગરાસદાર બ્રાહ્મણ હતા. પાંચસો સાંતીની ખેતી હતી. એક દહાડાની વાત છે. બપોર વીતી ચૂક્યા હતા. ખેડૂતો ને બળદો ભૂખ્યા થયા હતા. એ વખતે પોતે હુકમ કર્યો : ' એક એક ચાસ ખેડ્યા બાદ પછી પશુઓને ખાવા આપો ! ' આ લાભાંતરાય કર્મ તે વખતે બાંધ્યું. પછી તો અનેક સારાં કર્મ કર્યાં, રાજપુત્ર તરીકે જન્મ્યા, પણ પેલું કર્મ તો વેદવાનું બાકી જ હતું ! કર્મના કાન ક્ષમાના નામથી અપરિચિત હોય છે.

ભૂખ્યા ભૂખ્યા છ માસ વીતી ગયા. આખરે શ્રીકૃષ્ણના મુખેથી ઢંઢણકુમારની પ્રશંસા સાંભળી, આકર્ષાઈ ને તેઓને કોઈ ભાલુકે આહાર વહોરાવ્યો. અન્યના લબ્ધિ–પ્રતાપથી મળેલો આહાર તેઓએ તજી દીધો, ને શુક્લ ધ્યાનમાં ચડી ગયા. તરત કેવળજ્ઞાન થયું ને કર્મક્ષય કરી નિર્વાણ પામ્યા. ]

આદીશ્વર સાહિબ રે, સંયમ ભાવ ધરે;
વરસીતપ પારણું રે, શ્રેયાંસરાય ઘરે.
મનમંદિર આવો રે૦ ૬

[ લાભાંતરાય કર્મના પ્રાબલ્ય માટે અન્યની તો શી વાત કરું, ખુદ પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવને પણ એ કર્મ ભોગવવાં પડ્યાં હતાં ! પૂર્વ ભવમાં પોતે પાંચસો ખેડૂતોના ઉપરી હતા. ખળાં ભરચક્ક હતાં, દાણા છૂટા પાડવા બળદ ડૂંડાં ખૂંદતા હતા; પણ ખૂંદતાં ખૂંદતાં ડૂંડાં ખાતા હતા. એ વખતે તેઓ ત્યાંથી નીકળ્યા. તેઓએ બળદોને ખાતાં વારવા માટે તેઓના મોઢે કાથીની શીંકલી બાંધવા કહ્યું. શીંકલી કોઈને બનાવતાં કે બાંધતાં ન આવડી, તેથી પોતે બનાવી ને બાંધી. આ વખતે બળદોએ ૩૬૦ નિસાસા નાખ્યા.

એ નિસાસા એમને નડ્યા તીર્થંકરના ભવમાં. ફાગણ વદિ આઠમે દીક્ષા લઈ ને ચાલી નીકળ્યા, લોકોના દ્વારે ભિક્ષા માટે જઈ ને ઊભા રહે, પણ મુનિધર્મથી અજ્ઞાત:લોકો ઘોડા, હાથી કે કન્યા ધરે, પણ નિરવદ્ય ખોરાક આપવાનો તો:એમને વિચાર પણ ન આવે. પૃથ્વીનાથને તે વળી એવી તુચ્છ ભેટ ધરાય !

આમ ભૂખ્યા ૩૬૦ દિવસ વીતી ગયા. વૈશાખ સુદ ત્રીજે હસ્તિનાપુરમાં આવ્યા. બાહુબલીના પુત્ર સોમયશાનો પુત્ર શ્રેયાંસ પ્રભુદર્શને ગયો. એ વખતે ખેતરમાંથી શેરડીના રસના ઘડા આવ્યા હતા. શ્રેયાંસે પ્રભુને વહોરાવ્યા. પ્રભુએ વરસ દિવસે પારણું કર્યું. ને બધું સમભાવથી સહન કર્યું.]

મિથ્યાત્વે વાહ્યો રે, આરત ધ્યાન કરે;
તુજ આગમ વાણી રે, સમકિતી ચિત્ત ધરે.
મનમંદિર આવો રે૦ ૭

[અંતરાય દૂર ન થાય, એ પહેલાં કંઈ બનતું નથી. પણ આ સમયમાં મિથ્યાત્વી ને સમકિતી–અશ્રદ્ધાળુ ને શ્રદ્ધાળુ-માં ફેર એટલો દેખાય છે, કે પહેલો મિથ્યાત્વી મનમાં વિષય–કષાયોને જગાડે, બીજો સમકિતી આગમમાં કહ્યા મુજબ આ બધો કર્મનો ખેલ સમજે. એક અસંતોષીને ક્રોધી બને, બીજો સમતાવંત ને સહિષ્ણુ રહે. વેદવાનાં તો બંનેને છે, વેદવાની રીત બેયની આગવી છે.]

જિમ પુણીઓ શ્રાવક રે, સંતોષ ભાવ ધરે;
નિત્ય જિનવર પૂજે રે, ફૂલના પગર ભરે.
મનમંદિર આવો રે૦ ૮

[એક શ્રાવક હતો. પ્રભુ મહાવીરનો પરમ ભકત હતો. પણ લાભાંતરાયનો ઉદય હતો. રોજ પુણીઓ વાળે–વેચે. એમાંથી ૧૨ાા દોકડા મળે. પતિ–પત્ની બંને બાદશાહીથી જીવે. વળી, રોજ અતિથિને જમાડવાનું વ્રત. એ માટે એક જણ ભૂખ્યું રહે ને અતિથિને જમાડે. આમ સાહમીવાત્સલ્યનો રોજ લાભ લે.

ગરીબ–અત્યંત નિર્ધન હોવા છતાં દિલના દરિયાવ આ શ્રાવક-દંપતી અણહકનું એક અડાયું છાણું પણ લે નહિ.

એક વાર ભગવાન મહાવીરે શ્રેણિક રાજાને કહ્યું, 'તમે નરકગામી છો—નરકેસરી તે નરકેશ્વરી!'

રાજા કહે, 'નરક કેમ ટળે?'

ભગવાન કહે, 'પુણિયા શ્રાવકનું એક સામાયિક ખરીદી લો તો ટળે!'

'ઓહો, એમાં તે શી બિસાત!' રાજા પુણિયા શ્રાવક પાસે ગયો. એક સામાયિકની કિંમત પૂછી.

શ્રાવકે કહ્યું, 'હે રાજન્! મને કિંમતની જાણ નથી. તમે પ્રભુને જ પૂછો.'

પ્રભુને કિંમત પૂછતાં તેઓએ કહ્યું:

'હે રાજન્! તું તારું સમગ્ર રાજ્ય અને તમામ ઋદ્ધિ આપી દે તોપણ કોઈ અશ્વ ખરીદનાર લગામની કીમત આપે ને અશ્વની કિંમત આપવી બાકી રહે, એમ થાય. પુણિયા શ્રાવકનું એક સામાયિક ખરીદવા જેટલી સમૃદ્ધિ તારી પાસે નથી!'

એ પુણિયો શ્રાવક સંતોષથી જીવ્યો, ને દ્રવ્યસુગંધથી–ફૂલપૂજાથી–પ્રભુપૂજા નિત્ય રચીને એ આત્મામાં ભાવસુગંધ પામ્યો.]

સંસારે ભમંતાં રે, હું પણ આવી મળ્યો;
અંતરાય નિવારક રે, શ્રી શુભ'વીર' મળ્યો.
મનમંદિર આવો રે૦ ૯

[ભવોભવમાં ભટકતો હું આખરે તારી સેવામાં આવ્યો છું: ખરેખર મને અંતરાયકર્મહારક પ્રભુ મળ્યો છે!]


## काव्यम् ।

**सुमनसा गतिदानविधायिना सुमनसां निकरैः प्रभुपूजनम् ।**
**सुमनसा सुमनोगुणसङ्गिना जिनविधौ हि निधेहि मनोऽर्चने ॥१॥**
**समयसारसुपुष्पसुमालया सहजकर्म मनश्च विशोधिना ।**
**परमयोगबलेन वशीकृतं सहजसिद्धमहं परिपूजये ॥२॥**


**मन्त्रः**—ॐ ह्रीँ श्री परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीमते जिनेन्द्राय लाभान्तरायोच्छेदनाय पुष्पाणि यजामहे स्वाहा ॥

સુગતિદાતા પુષ્પના, થોકે કરો પૂજન;
મન ગુણસંગી સૌરભે, રહી જનમનસદન. ૧
વિધિઘટિત માલા થકી, હળવાં કર્મ વિશોધી;
યોગબળે મન વશ કરી, પૂજો સિદ્ધ સુબોધિ. ૨

પરમપુરુષ પરમેશ્વરા, જન્મ મરણ અજ્ઞાન;
ઉચ્છેદે તે વીરને, પુષ્પપૂજા બહુમાન. ૩



# ચોથી ધૂપપૂજા



## દુહા

કર્મ કઠિન કઠ દાહવા, ધ્યાન હુતાશન યોગ;
ધૂપે જિન પૂજી દહો, અંતરાય જે ભોગ. ૧

[લાભાંતરાય પછી ભોગાંતરાયની વાત કવિશ્રી કથે છે. આ કઠિન કર્મ-રૂપી કાષ્ટપુંજને ભસ્મ કરવા માટે ધ્યાનરૂપી અગ્નિ જરૂરી છે. એ માટે જિનેશ્વર પ્રભુની ધૂપપૂજા કરી ભોગાંતરાયને પ્રજાળી નાખો.]

એક વાર જે ભોગમાં, આવે વસ્તુ અનેક;
અશન, પાન, વિલેપને, ભોગ કહે જિન છેક. ૨

[અંતિમ ભગવાન મહાવીરસ્વામી કહે છે કે જે વસ્તુ એક વાર ઉપ-યોગમાં આવે–જેમ કે ભોજન, પાણી, ચંદનાદિના લેપ વગેરે અનેક વસ્તુઓ—તે બધી ભોગમાં લેખાય છે.]

## ૪

## ઢાળ

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી !
ભોગ વિઘન ઘન ગાજી, ભૂલ્યો બાજી !
આગમજયોત ન તાજી, ભૂલ્યો બાજી !
કર્મકુટિલ વશ કાજી, ભૂલ્યો બાજી !
સાહિબ ! સુણ થઈ રાજી, ભૂલ્યો બાજી !

[ રે ! સંસારની બાજીમાં મેં ખોટા પાસા ઢાળ્યા, હું હાર્યો, હું રમત ચૂકયો !

ભોગાંતરાય કર્મનાં વાદળો ગર્જારવ કરી રહ્યાં, ને એમાં મારી આગમજયોત–જ્ઞાનધ્યાન–ઝંખવાઈ ગયાં ! હું જગતનું ડહાપણ ડોળનારો–કાજી જેવો–પણ વાંકાં કર્મને કારણે ભૂલ્યો ને સંસારની બાજીમાં હું ચૂકયો–હું હાર્યો.

હે મારા દેવ ! મારી વીતકકથા પ્રસન્ન મુખે સાંભળ ! ]

કાળ અનાદિ ચેતન રઝળે, એક વાત ન સાજી;
મયણાભયણી ન રહે છાની, મળિયા માત–પિતાજી.
ભૂલ્યો બાજી૦ ૧

અંતરાય–થાનક સેવનથી, નિર્ધન ગતિ ઉપરાજી;
કૂપની છાયા કૂપ સમાવે, ઇચ્છા તેમ સવિ ભાંજી,
ભૂલ્યો બાજી૦ ૨

[ઉજ્જૈની નગરી છે. પ્રજાપાલ રાજા છે. એ રાજાને બે દીકરીઓ છે: એકનું નામ સુરસુંદરી. બીજીનું નામ મયણાસુંદરી. રાજાએ બંને કુંવરીઓને સારા શિક્ષકો પાસે ભણાવી. એક વાર ભણતરની પરીક્ષા કરતાં રાજાએ પ્રશ્ન કર્યો: 'રે બેટીઓ! જગજિવાડણહાર કોણ?'

સુરસુંદરી કહે: 'એક રાજા ને બીજો મેઘ.'

સુંદરી કહે સાચું પિતા રે, એહમાં કિશ્યો સંદેહ;
જગ જિવાડણ દોય છે, એક મહીપતિ દુજો મેહ!

પિતાને ગર્વ થયો. મયણાસુંદરી પિતાનો ગર્વ ગાળવા બોલી:

પિતાજી! મ કરો જૂઠ ગુમાન! એ ઋદ્ધિ અથિર નિદાન!
સુખ-દુઃખ સહુએ અનુભવે રે, કેવલ કર્મ પસાય,
અધિકું ઓછું ન તેહમાં રે, કીધું કોણે ન જાય.

રાજાને ખૂબ ગુસ્સો ચડયો. સુરસુંદરીને સારા ઠેકાણે પરણાવી અને મયણાને એક કોઢિયા સાથે પરણાવી દીધી. જા રે છોકરી, તારાં કર્મને રો!

કર્મની ગતિ ગહન છે. મયણાને ભગવાન સિદ્ધચક્રના પ્રતાપે કોઢિયો પતિ નીરોગી થયો, ને બુદ્ધિબળ ને બાહુબળથી રાજા શ્રીપાલ તરીકે પંકાયો. સુરસુંદરીના પતિનું રાજ ગયું. બન્ને દેશપરદેશ રખડવા લાગ્યાં, નટ-નટીનો ધંધો કરીને પેટ ભરવા લાગ્યાં.

એક દહાડો મયણાસુંદરીના આંગણામાં બંને નાચવા આવ્યાં. નટે તો નાટારંભ કર્યો, પણ નટી ઊભી થાય નહિ, ચોધાર આંસુડે રવે. બહેને બહેનને ઓળખી; બાથમાં ઘાલીને આશ્વાસન આપ્યું, કહ્યું: 'સુખ કે દુઃખ કર્મનાં પરિણામ છે. ઉદયે દુઃખી ન થઈએ. અનાદિ કાળથી ચેતન રાય-રંક થતો રહ્યો છે, ને એ કંઈ હંમેશ માટે રાય કે રંક રહેતો નથી. કર્મ પ્રમાણે ગાડાના પૈડાની જેમ ગતિ ફર્યા કરે છે.'

સુરસુંદરી બોલી : 'અંતરાય કર્મના કરવાથી અમારી નિર્ધન ગતિ થઈ. કૂવાની છાયા કૂવામાં જ રહે, એમ અમારા સર્વ સારા મનોરથો વ્યર્થ થયા છે.']

નૈગમ એક નારી ધૂતી પણ, ઘેબર ભૂખ ન ભાંગી;
જમી જમાઈ પાછો વળિયો, જ્ઞાનદશા તવ જાગી.
ભૂલ્યો બાજી૦ ૩

[એક વણિકે ઘેબર ખાવાની ઈચ્છાથી એક ગ્રાહક સ્ત્રીને છેતરી અને પૈસા કમાણો. એ પૈસાથી ઘેબર લાવ્યો. પોતે જમવા બેસે તે પહેલાં જમાઈ આવ્યો. સાસુએ તમામ ઘેબર જમાઈના ભાણામાં પીરસી દીધાં. વાણિયાને તો જે રોજ મળતું હતું તે મળ્યું; ત્યારે તેને પોતાના કર્મનું ભાન થયું. રળિયા ગઢવી ક્યાં ગયા'તા ? તો કહે, 'ઘેરના ઘેર, અને ભઈડકાભેર.' રે ! કર્મ વિના કંઈ નવ મળે, કરો કોટિ ઉપાય !]

કબહી કષ્ટે ધનપતિ થાવે, અંતરાય ફળ આવે;
રોગી પરવશ અન્ન–અરુચિ, ઉત્તમ ધાન્ય ન ભાવે.
ભૂલ્યો બાજી૦ ૪

[કોઈ વાર અતિ કષ્ટ સહન કરીને માનવી શ્રીમંત થઈ જાય, પણ ભોગાંતરાય કર્મનો ઉદય થતાં, રોગી થઈને પરવશ થાય, કાં અન્ન ખાવા પર અરુચિ થાય. ઉત્તમ રસવતી જ ન ભાવે. કોદરા–કળથી જ ખાવાં પડે. અહીં મમ્મણ શેઠનું દૃષ્ટાંત આપી શકાય. (આ દૃષ્ટાંત આગળ આવશે.) ન ખૂટે તેવું ખજાને ધન હોવા છતાં તેને તેલ ને ચોળા સિવાય બીજું ધાન્ય પચતું જ નહિ.]

ક્ષાયિક ભાવે ભોગની લબ્ધે, પૂજા ધૂપ વિશાલા;
'વીર' કહે ભવ સાતમે સિધ્યા, વિનયંધર ભૂપાલા.
ભૂલ્યો બાજી૦ ૫

અતિ ઉત્તમ ધૂપપૂજા કરીને, ભોગસંપદા ક્ષાયિક ભાવે પ્રાપ્ત થાય તેમ ભાવના ભાવું છું. કવિશ્રી કહે છે કે, વિનયંધર નામનો રાજવી આવી પૂજા કરવાથી સાતમે ભવે સિદ્ધિ પામ્યો.

રાજાની રાણીને કુંવર આવ્યો. જોશીડા જોશ જોવા આવ્યા. જોશી કહે, 'રાજાજી! આ કુંવરથી તમને લેણું નથી.' રાજા ગુસ્સે થયો. દશ દિવસના દીકરાને જંગલમાં લઈ જઈને મરવા મૂક્યો!

આકાશમાં ઊડે એક ભારંડ પંખી! એણે બાળકને દીઠું અને ચાંચમાં લીધું. આકાશે ઊડ્યું, પણ નસીબજોગે બાળક ચાંચમાંથી છૂટી ગયું.

વનવગડો. એમાં અંધારો કૂવો—અનેક વટેમાર્ગુ જતાં-આવતાં પડે એવો. એક વટેમાર્ગુ એમાં પડેલો. એની ઉપર જ ભારંડ પંખીની ચાંચમાંથી છૂટેલો પેલો રાજકુમાર પડ્યો—બરાબર છાતી પર!

પણ બાળકનો ચહેરો પ્રેમાળ. તેજ રાજવંશી. પેલા વટેમાર્ગુને પ્રેમ થયો. પ્રાણીમાત્ર પૂર્વકર્મના યોગે પ્રીતિ-અપ્રીતિ પામે છે. જે પિતા હતો એણે અપ્રીતિ દાખવી, ને જે કંઈ સંબંધમાં નહોતો તેણે પિતાવત્ પ્યાર દાખવ્યો. પેલો કૂવામાં રહેલો પુરુષ પિતાની જેમ એની રક્ષા કરવા લાગ્યો, પણ બાળક ભૂખ્યો થયો, રોવા લાગ્યો. એની સાથે પેલો અસહાય વટેમાર્ગુ પણ રોવા લાગ્યો.

સુબંધુ નામે સાર્થવાહ. પોઠ ભરીને ત્યાંથી જાય. રસ્તે પાણી માટે કૂવા પાસે ગયો. રુદન સાંભળ્યું ને બાળક તથા પેલા પુરુષને બહાર કાઢ્યા. બંનેને ખવરાવ્યું–પીવરાવ્યું. પેલો મુસાફર અને સાર્થવાહને કહે 'આ બાળક તેજસ્વી છે. તમે તેને ઉછેરો, કેળવો. પ્રેમ એવો ન હોવો જોઈએ કે પોતાનાંને પાછાં પાડે!'

સાર્થવાહને સંતાન નહોતું. મુસાફરને ખૂબ ધન આપ્યું, અને બાળકને લીધો. પોતાની પત્નીને સોંપ્યો. બાળકનો વિનય જોઈ જતે દહાડે એનું નામ વિનયંધર રાખ્યું.

વિનયંધરને સારી સોબત થઈ, મુનિજનોનો પરિચય થયો. મુનિજનો કહે: 'પ્રભુચરણમાં–પ્રભુસેવામાં માણસનો ઉદ્ધાર છે.'

વિનયંધર પ્રભુસેવામાં લાગી ગયો. એક વાર લાખેણો ધૂપ આવ્યો. વેચે તો અતિ અમૂલખ ભાવ મળે. પણ વિનયંધર તો ધૂપ લઈ, ધૂપદાણામાં ભરીને પ્રભુ પાસે ગયો, ને અભિગ્રહ કર્યો કે ધૂપ જલે ત્યાં સુધી પ્રભુ સન્મુખ કાયોત્સર્ગે ઊભા રહેવું. તાકડે સર્પ આવ્યો. ભરડો નાખ્યો, પણ વિનયંધર વ્રતમાંથી ન ચળ્યો. એ સર્પ કોઈ દેવતા હતો. એણે વિનયંધરને ગારુડી મંત્ર આપ્યો.

રત્નરથ નામે રાજા. ભાનુમતી નામે કન્યા. બાગમાં ફરતાં કન્યાને કાળોતરો નાગ ડસ્યો. ભલભલા ગારુડીથી વિષ ન ઊતરે. એ વખતે વિનયંધર ત્યાંથી નીકળ્યો. એ કહે, 'રાજકન્યાને હું જીવિત આપીશ.' રાજા કહે, 'તો હું તને અર્ધું રાજપાટ આપીશ.' વિનયંધરે મંત્ર ભણ્યો. કન્યા બેઠી થઈ ને બોલી: 'જેણે મને પ્રાણ આપ્યા, એને આ પ્રાણ અર્પણ!'

રાજા કહે, 'પહેલી કુળપરીક્ષા કરો.' તપાસ ચાલી. બધો મેળ મળી ગયો. વિનયંધર પોતનપુરનો રાજકુંવર નીકળ્યો. લગ્ન થયાં.

વિનયંધર હવે પિતા સામે ચડ્યો. ભયંકર યુદ્ધ થયું, પણ જાણકાર યક્ષોએ સમાધાન કરાવી ઓળખાણ કરાવી. રાજા કહે, 'રે! મેં કેવું અકાર્ય કર્યું! પુત્ર પાટુ મારે તો એના પગને પાયલ બાંધવાં ઘટે અને હું તો એને ઘાયલ કરવા નીકળ્યો. હવે હું દીક્ષા લઈ પ્રાયશ્ચિત્ત કરીશ!' 'વિનયંધર કહે: 'પિતાજી! હું કુપુત્ર ઠર્યો. નરકમાં મને ઠામ ન મળે. તમારા વૈરાગ્યનું નિમિત્ત હું બન્યો, મારા વૈરાગ્ય માટે તમે નિમિત્ત બન્યા. ધિક્ રાજલક્ષ્મી!' બંને જણાએ દીક્ષા લીધી.

વિનયંધર કાળક્રમે ગુજરી ગયો. મરીને ધૂપસાર નામનો વ્યવહારિયો થયો. શરીરમાંથી મૃગમદની–કસ્તૂરીની સુગંધ છૂટે. રાજરાણીઓ અને નગરલોકો એની વાહવાહ કરે. નગરના રાજાએ ઈર્ષ્યાથી એના દેહ પર અશુચિનું લેપન કરાવ્યું.

જ્ઞાની મુનિજનોએ ધૂપસારની અશુચિની શુચિ કરી ને રાજા તથા ધૂપસારને પૂર્વભવના પિતા–પુત્ર બતાવ્યા. પિતા માફી માગવા લાગ્યો.

ધૂપસાર કહે, 'હે રાજેન્દ્ર! આપનો દોષ નથી. દોષ પૂર્વે કરેલાં શુભાશુભ કર્મોનો છે.' મોટા મનનો ધૂપસાર સાતમે ભવે સિદ્ધિ વર્યો.]

## काव्यम् ।


अगुरुमुख्यमनोहरवस्तुना स्वनिरुपाधिगुणौघविधायिना ।
प्रभुशरीरसुगन्धसुहेतुना रचय धूपनपूजनमर्हतः ॥१॥
निजगुणाक्षयरूपसुधूपनं स्वगुणघातमलप्रविकर्षणम् ।
विशदबोधमनन्तसुखात्मकं सहजसिद्धमहं परिपूजये ॥२॥

**मन्त्रः**—ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्यु-निवारणाय श्रीमते जिनेन्द्राय भोगान्तरायदहनाय धूपं यजामहे स्वाहा ॥

નિરુપાધિક નિજ ગુણ કરે, અગરુ ધૂપ સુગંધ;
વપુ સુવાસી ધારવા, એવો ધૂપ અરિહંત. ૧

નિજ ગુણઘાતક કર્મને, વારે અક્ષય શુચિ ધૂપ;
અનંત સુખ વિબોધકર, પૂજું સિદ્ધ સુરૂપ. ૨

પરમપુરુષ પરમેશ્વરા, જન્મ મરણ અજ્ઞાન;
ઉચ્છેદે તે વીરને, પૂજું સિદ્ધ ધૂપધ્યાન.



# પાંચમી દીપક પૂજા



## દોહા

ઉપભોગ-વિઘન પતંગિયો, પડત જગત જ્યું જ્યોત;
ત્રિશલાનંદન આગળે, દીપકનો ઉદ્દ્યોત. ૧

[ હવે ઉપભોગાંતરાયની વાત આવે છે.

દીપ જ્યોતિમાં પડીને જેમ પતંગિયું ભસ્મ થાય છે, એમ અમે લાભાંતરાયરૂપ પતંગિયાના નાશ માટે વીર પ્રભુ સામે દીપકનો પ્રકાશ કરીએ છીએ. ]

ભોગવી વસ્તુ ભોગવે, તે કહીએ ઉપભોગ;
ભૂષણ, ચીવર, વલ્લભા, ગેહાદિક સંયોગ. ૨

[ જે વસ્તુઓ એક વાર ઉપયોગમાં લીધા પછી પણ વારંવાર લેવી પડે તે ઉપભોગ કહેવાય. આમાં અલંકાર, વસ્ત્ર, વલ્લભા અને ઘર તથા ઘરવખરીનો સમાવેશ થાય છે. ]

## ૫

### ઢાળ

વંદના, વંદના, વંદના રે,
જિનરાજકું સદા મોરી વંદના.
ઉપભોગ અંતરાય હઠાવી,
ભોગી પદ મહાનંદના રે; જિન૦
અંતરાય ઉદયે સંસારી,
નિરધન ને પરછંદના રે. જિન૦ ૧

[ શ્રી. જિનેશ્વર દેવને મારી ત્રિવાર–ત્રિવિધ વંદના હો! ઉપભોગાંતરાયનો નાશ કરીને તેઓ મોક્ષપદના ભોગી બન્યા છે. અંતરાય-ઉપભોગાંતરાયના ઉદયથી સંસારી જીવો દરિદ્રતાને પામે છે, ને ગુલામ બને છે.]

દેશવિદેશે ઘર ઘર સેવા,
ભીમસેન નરિંદના રે. જિન૦
સુણિય વિપાક સુખી ગિરનારે,
હેલક તેહ મુણીંદના રે; જિન૦ ૨

[ ભીમસેન નામે નરેન્દ્ર અંતરાય કર્મના ઉદયથી દેશ–વિદેશ રઝળ્યો. ઠામઠામ નોકરી કરી, તોય સુખી ન થયો. ગિરનાર પર્વત પર એક મુનિ મળતાં તેને જ્ઞાન થયું કે સાધુજનની આશાતનાનું આ ફળ છે.

કથા એવી છે કે ભીમસેન નામે રાજકુમાર હતો. તે શ્રાવસ્તી નગરીના રાજા વજ્રસેનનો પુત્ર હતો. તેને જિનવલ્લભ નામે નાનો ભાઈ

હતો. જુવાની આવી ને ભીમસેન જુવાનીની કળાઓમાં નહિ, પણ સર્વ અવકળાઓમાં પ્રવીણ થયો. પ્રજા રાજા પાસે રાવે ગઈ. રાજાએ કુંવરને ઘણો સમજાવ્યો, પણ ભીમસેન સમજ્યો નહિ. આખરે તેને જેલમાં પૂર્યો.

ભીમસેને જેલમાં રહી કાવતરાં કર્યાં; કારાગારમાંથી છૂટયો ને સહુ પ્રથમ પોતાનાં માતાપિતાને હણ્યાં. સિંહાસન પર ચડી બેઠો; દુષ્કૃત્યોનો દાસ બની રહ્યો. આખરે તેનાથી કંટાળી સામંતોએ બળવો કરી, ભીમસેનને સિંહાસન પરથી ઉતારી તેના ભાઈ જિનવલ્લભને ગાદીએ બેસાડયો.

ભીમસેન ઠેરઠેર ભટકવા લાગ્યો, એક માળીને ત્યાં નોકરીએ રહ્યો. ફૂલોની ચોરી કરતાં પકડાયો ને ત્યાંથી કાઢયો. એક વેપારીના વહાણે ચડયો. વહાણ ખરાબે ભરાયું.

સાહસિક ભીમસેને પર્વત પર ચડી પંખીઓને ઉડાડી પવન ચાલુ કર્યો, તો વહાણ ચાલ્યાં ગયાં ને પોતે એકલો રહ્યો. ત્યાંથી સમુદ્રમાં પડયો. એક મગરની પીઠ પર રહીને સાગર તર્યો. ત્યાં એક ત્રિદંડી સાધુ મળ્યો. એણે રત્નની ખાણ બતાવી. ભીમસેન ખાણમાં ઊતરી રત્ન લઈ આવ્યો. બીજી વાર ઊતર્યો, એટલે ત્રિદંડી સાધુ દોરડું કાપી, રત્નો લઈ નાસી ગયો.

ભીમસેન મહામહેનતે ખાણમાંથી બહાર નીકળ્યો. એક નગરમાં ગયો. ત્યાં એક વેપારીની વખાર પર ચોકી કરવા રહ્યો. ચોરીમાં પકડાયો. ચોરને શૂળીની સજા થતી. ત્યાંથી માંડ માંડ છૂટયો. પાસેનું બધું લૂંટાઈ ગયું. હવે તેણે નિશ્ચય કર્યો કે ગિરનાર પર જઈ ભૈરવ-જપ (ટેકરા પરથી પડીને મરી જવું) ખાવો. આ વખતે ગિરનાર પર એક મુનિ મળ્યા. તેઓએ કહ્યું : 'સંસારનાં દુઃખકલેશ ઉપભોગાં-

તરાયનું ફળ છે. એનાથી મૂંઝાવું નહિ. આત્મહત્યા કરી દેહથી છૂટીશ, પણ કર્મથી નહિ છૂટી શકે. કર્મથી છુટાય તેમ કર! આ ભૂખ-તાપ-તૃષા તારાં કરેલાં કર્મનાં ફળ છે. પરભવમાં તું રાજા હતો—શિકારે ચડેલો. એક હરણ તારા હાથમાંથી છટકી ગયું. તેં ધ્યાનમગ્ન મુનિને દિશા પૂછી. એ શું દિશા બતાવે? તેં ગુસ્સે થઈ મુશ્કેટાટ બાંધ્યા. અઢાર ઘડી એ બંધન રહ્યાં. તને અઢાર વર્ષનો અંતરાય લાગ્યો.'

ભીમસેને પૂછ્યું: 'એ સમય ક્યારે પૂરો થશે?'

મુનિ કહે, 'નજીકમાં જ છે. જા, ભગવાન નેમનાથની અમર સુધા જેવી વાણીનો આસ્વાદ કર!' ભીમસેન ભગવાનની પરિષદામાં ગયો, તેમનો અનુરાગી થયો, ને તપ—સ્વાધ્યાય દ્વારા કર્મ ખપાવવા લાગ્યો.

એક દહાડો તેનો ભાઈ રાજા જિનવલ્લભ સંઘ સાથે રૈવતાચલની યાત્રા કરવા અને બાવીશમા તીર્થંકરને વાંદવા આવ્યો. એણે પોતાના વડીલ બંધુને જોયા. બંને બાથ ભીડીને મળ્યા. નાના ભાઈએ મોટા ભાઈને ગાદી સંભાળી લેવા કહ્યું.

ભીમસેન નાના ભાઈના આગ્રહથી રાજધાનીમાં ગયો, રાજા થયો. ઘણાં વર્ષ રૂડી રીતે સ્વકર્તવ્ય આચરી, ન્યાયથી પ્રજાનું પાલન કર્યું ને આખરે રૈવતાચલ પર આવી સાધુ થયો, ને આત્મકલ્યાણ સાધ્યું.]

બાવીસ વરસ વિયોગે રહેતી,
પવનપ્રિયા સતી અંજના રે; જિન૦
નળ—દમયંતી, સતી સીતાજી,
ખટ્‌માસી આક્રંદના રે. જિન૦ ૩

[મહાસતી અંજના—પહેલાં પતિ સાથે વિક્ષેપ, પછી એકાએક પતિનું મિલન, ગર્ભધારણ અને પતિનું પરદેશગમન, સાસુ–સસરાની વહુ પર આશંકા ને ઘરનિકાલ—આ રીતે સતી અંજનાને પતિનો બાવીશ વર્ષનો વિયોગ રહ્યો !

રાણી દમયંતીને પણ નલરાજાએ જુગટામાં રાજપાટ હાર્યા પછી જંગલમાં એકલી છોડી દીધી અને વર્ષોનો વિયોગ રહ્યો.

સતી સીતાને પણ રાવણ હરી ગયો; ને છ માસ સુધી પતિના વિરહમાં ઝૂરવું પડ્યું.]

મુનિવરને મોદક પડિલાભી,
પછી કરી ઘણી નિંદના રે; જિન૦
શ્રેણિક દેખે પાઉસ નિશિએ,
મમ્મણ શેઠ વિડંબના રે. જિન૦ ૪

[રાજગૃહી નામની નગરી હતી. શ્રેણિક નામે રાજા હતો. ચેલણા નામે રાણી હતી.

વર્ષાની ઋતુ હતી. ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. ગર્જના કાન ફાડી નાખતી હતી. વીજળી આંખ આંધળી કરતી હતી. નીચે નદી હતી. નદીમાં પૂર આવ્યું હતું. રાજા–રાણી ગોખે બેઠાં હતાં.

રાજાએ કહ્યું: ' રાણી ! મારા રાજમાં કોઈ દુઃખી નથી ! '

આ વખતે રાણીએ નદીના પટ પર કોઈ માનવીને જોયો. એ પૂરમાં પડીને, નદીમાં તણાતાં લાકડાં જાનના જોખમે ને અતિ શ્રમે, બહાર ખેંચી કાઢતો હતો.

રાણી કહે, ' જુઓ ! પેલો રહ્યો દુઃખી ! આવા ખરાબ વખતે,

જીવનું જોખમ ખેડી નદીમાંથી લાકડાં કાઢનાર સુખી કે દુઃખી ?'

રાજાએ તરત ચોકીદારને મોકલ્યો : 'જા, એ માણસને બોલાવી લાવ ! એનાં દુઃખ હું કાપીશ.'

ચોકીદાર એ માણસને લઈને તરત પાછો આવ્યો. એ માણસે કહ્યું : 'રાજન્ ! મારી પાસે બે બળદ છે. એકને શિંગડું નથી. શિંગડા માટે મહેનત કરું છું.'

રાજા કહે, 'હું શિંગડું કરાવી આપીશ.'

માણસ કહે, 'આપ પ્રથમ મારા બળદ જુઓ, પછી શિંગડું કરાવી આપવાની હિંમત કરજો.'

સવારે રાજાને તેડું આવ્યું. રાજા ગયો. જોયું તો નગરના શ્રેષ્ઠી મમ્મણશેઠનું ઘર ! મમ્મણશેઠને જોતાં જ રાજા શ્રેણિક ઓળખી ગયા કે આ જ રાતવાળો માણસ.

મમ્મણ શેઠ રાજાને પોતાના ખજાનામાં લઈ ગયો. ત્યાં બે બળદ હતા. સાવ સોનાનાં શિંગડાં; હીરા–માણેકથી જડેલાં, એક બળદની કિંમત લાખો રૂપિયા હતી.

મમ્મણ શેઠ કહે, 'બીજા બળદનું એક શિંગડું ખાંડું છે. એ પૂરું કરવા કાળી રાતે મજૂરી કરું છું: હું ફક્ત તેલ–ચોખા ખાઉં છું; મિષ્ટાન્ન ખાનારને મૂર્ખ કહું છું. ને હું એકલો મહેનત કરતો નથી : મારા દીકરાને પરદેશ રાખું છું. ફક્ત તેમનું કમાયેલું ધન ઘરમાં રાખું છું. ચમડી તૂટે તો એ નવી આવે, પણ દમડી તૂટે તો એ નવી ન આવે !'

રાજા શ્રેણિકને ખૂબ જ આશ્ચર્ય થયું. તેણે ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો, 'આ જીવનો કેવો કર્મવિપાક ?'

ભગવાન બોલ્યા : ' પૂર્વભવમાં મુનિ—અતિથિને ભિક્ષામાં મોદક વહોરાવ્યા. પછી પોતે મોદક ખાધા. મીઠા લાગ્યા, એટલે મુનિ પાસેથી પડાવી લેવાની ભાવના કરી. પાછા ન મળ્યા એટલે અફસોસ કર્યો. એ વખતનાં કર્મ આ ભવમાં ફળ્યાં. ]

ઇમ સંસાર વિડંબન દેખી,
ચાહું ચરણ જિનચંદના રે; જિન૦
ચકવી ચાહે ચિત્ત તિમિરારિ,
ભોગી ભ્રમર અરવિંદના રે. જિન૦ ૫

[ દુનિયાની આ દુઃખવિડંબના જોઈ હું જિનેશ્વરદેવનું શરણ ચાહું છું. મારો અભિલાષ જેમ ચકવી ચંદ્રને ઇચ્છે અથવા જેમ ભોગી ભમરો કમળને ચાહે તેવો ઉત્કટ છે. ]

જિનમતિ ધનસિરિ દોય સાહેલી,
દીપકપૂજા અખંડના રે; જિન૦
શિવ પામી તિમ ભવીપદ પૂજો,
શ્રી 'શુભવીર' જિણંદના રે. જિન૦ ૬

[ જિનમતી અને ધનશ્રી નામની બે સખીઓ દીપકપૂજા કરવાથી મોક્ષને વરી.

હેમપુર નગર. મકરધ્વજ રાજા. કનકમાલા રાણી. આ રાણીને એક શોક્ય. નામ દૃઢમતી. રાણી કનકમાલા દૃઢમતીને ચાહે, પણ રાજાનું મન કનકમાલામાં. દૃઢમતી એને દીઠે ગમે નહિ.

દૃઢમતી સંતાપમાં ને ક્રોધમાં જીવી અને મરી. મરીને વ્યંતરી થઈ. વ્યંતરી થઈને કનકમાલાને હેરાન કરવા લાગી. પણ કનકમાલા

કદી વ્યંતરીને દોષ ન દે. એ પોતાનાં પૂર્વ કર્મને દુઃખનું કારણ માને!

કનકમાલા જેમ સરલતા બતાવે, દઢમતી એમ વિશેષ કોપે ભરાય. એક દહાડો ભયંકર સર્પને મૂક્યો, પણ સર્પ પણ પોતાનો દંશ દેવાનો સ્વભાવ ભૂલી એનો ભક્ત થઈને બેઠો.

આખરે વ્યંતરીએ પ્રગટ થઈને વચન માગવા કહ્યું. કનકમાલા કહે, 'મને સાચું જ્ઞાન આપનાર જગદ્‌ગુરુનું એક મંદિર નિર્માણ કરી દે!'

વ્યંતરીએ પ્રભુમંદિર નિર્માણ કરી દીધું. આ મંદિરના ગોખે ચડીને કનકમાલા એક ઉત્તમ ઋષભપ્રાસાદનાં રોજ દર્શન કરે. આ ઋષભ-પ્રાસાદ અલૌકિક હતો. એનું તળિયું સ્ફટિકના શિલાતલથી રચેલું હતું. એની થંભાવલિ સુવર્ણ, મણિ ને રત્નોની હતી. કમલની શત પાંખડીઓની જેમ કલાકારીગરીથી એ દિવ્ય બનેલું હતું. એની ધ્વજમાલ સુવર્ણ-દંડથી યુક્ત હતી. એ સુવર્ણદંડ પર એક રત્નદીપ હતો. એનો અવિરત પ્રકાશ ભવિકોનાં હૈયાંને અજવાળતો.

કેટલેક દિવસે કનકમાલાને કેટલાક અદશ્ય અવાજો કર્ણગોચર થવા લાગ્યા. અન્યની જેમ એ ભયભીત ન બની; પણ શાંતિથી અવાજ સાંભળવા લાગી. એ અવાજ કહેતા હતા:

'રે કનકમાલે! દીપદાનનું આ ફળ છે. સુવર્ણ, મણિ ને રત્નમાં મોહ ન પામીશ. જ્ઞાન, દર્શન ને ચારિત્ર રૂપી રત્નોને સ્વીકાર!'

કનકમાલા આ માટે એક જ્ઞાની મુનિરાજને મળી. મુનિરાજે ખુલાસો કરતાં કહ્યું:

'મેઘપુર નગર. મેઘરાજા. સુરદત્ત શેઠ. એને ઘેર શીલવતી પત્ની. શેઠને જિનમતિ નામે પુત્રી. એ પુત્રીને ધનશ્રી નામે સખી!

બંને સખીઓ એકબીજીનાં સુખે સુખી, દુઃખે દુઃખી !

જિનમતિ રોજ પ્રભુ સમીપે જાય. ચોખ્ખા ઘીનો દીવો કરે,

ધનશ્રી ટીકા કરે ને કહે, 'સખી ! આ ઘી ખાવામાં વાપર. આ પ્રમાણે નિરર્થક વ્યય ન કર !'

જિનમતિ કહે, 'પશુવૃત્તિ હમેશાં પિંડપોષક હોય છે. જે સારું તે પોતાના ઉપયોગ માટે. આ સ્વાર્થી ભાવના છે. ભાવના ભવનાશિની છે. આ દીપ આપણી માનવભાવનાને શુદ્ધ કરવાનું પ્રતીક છે.'

ધનશ્રી કહે, 'દીપપૂજાનું ફળ શું ?'

જિનમતિ કહે, 'ભક્તિરૂપ દીપ પાપરૂપ પતંગિયાને બાળીને ભસ્મ કરે છે. ત્રણ કાળ ભગવાનને દીપદાન કરવાથી બુદ્ધિ નિર્મળ થાય છે, દેહ નીરોગી બને છે ને વિવિધ લૌકિક અને અલૌકિક રત્નો પ્રાપ્ત થાય છે !'

ધનશ્રીના અંતરમાં વાત વસી ગઈ. બંને ભક્તિરસમાં નિમગ્ન બની ગયાં. અંતે મૃત્યુ પામી દેવલોકમાં જન્મ્યાં. દેવી તરીકે એ બંને દેવીઓએ પૃથ્વી પર ઋષભપ્રાસાદનું નિર્માણ કર્યું.

એ બે સખીમાં ધનશ્રી તે તું. તમોએ રચેલો ઋષભપ્રાસાદ તે પેલો રત્નદીપવાળો દેવપ્રાસાદ. તારી સખી જિનમતિ ટૂંક સમયમાં સ્વર્ગથી ચ્યવી પૃથ્વી પર સાગરદત્ત શ્રેષ્ઠીની પુત્રી સુદર્શના તરીકે અવતરશે. તું જઈને એને પ્રતિબોધ પમાડજે !

અને ખરેખર ! તપાસને અંતે મુનિની વાણી સાચી પડી. ધનશ્રીએ ત્યાં જઈ તેને પ્રતિબોધ આપ્યો. બંને સખીઓ ગૃહસ્થ ધર્મ ને પછી



શ્રમણધર્મ પાળી શાશ્વત સુખને પામી.

હે ભવ્ય લોકો ! તમે પણ શ્રી જિનેશ્વર પરમાત્માના પદને પૂજો.]

## काव्यम् ।

**भवति दीपशिखापरिमोचनं त्रिभुवनेश्वरसद्मनि शोभनम् ।**
**स्वतनुकान्तिकरं तिमिरं हरं जगति मङ्गलकारणमान्तरम् ॥१॥**
**शुचिमनात्मचिदुज्ज्वलदीपकैर्ज्वलितपापपतङ्गसमूहकैः ।**
**स्वकपदं विमलं परिलेभिरे सहजसिद्धमहं परिपूजये ॥२॥**

**मन्त्रः**—ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्यु-निवारणाय श्रीमते जिनेन्द्राय तूर्यबन्ध( उपभोगान्तराय )उच्छेदनाय दीपं यजामहे स्वाहा ॥

દીપશિખા પ્રજ્વાલતાં, શોભે જિનમંદિર;
નિજ તનુને ઉજ્જવળ કરે, મંગલ કારણ ધીર. ૧

પાપપતંગ બળેઝળે, કરવા આતમ પ્રદીપ્ત;
નિર્મળ નિજ પદ કારણે, પૂજો સિદ્ધ સુતૃપ્ત. ૨

❧

પરમપુરુષ પરમેશ્વરા, જન્મ મરણ અજ્ઞાન;
ઉચ્છેદે તે વીરને, દીપક દર્શન જ્ઞાન.

## ૬

# અક્ષત પૂજા



### દોહા

વીર્યવિઘન ઘન પડળમેં, અવરાણું રવિ તેજ;
કાળ ગ્રીષમ સમ જ્ઞાનથી, દીપે આતમ સતેજ. ૧

[ વીર્યાંતરાયરૂપી વાદળોના ઘેરામાં આત્મારૂપ સૂર્યનું તેજ ઢંકાઈ ગયું છે—સૂરજ કર્મછાબડે ઢંકાયો છે: એ વાદળોને ગ્રીષ્મ ઋતુના સૂર્યના જેવા પ્રખર તાપરૂપ જ્ઞાનથી દૂર કરો, જેથી આત્મા સવિશેષ નૂરથી ચમકે !]

અક્ષત શુદ્ધ અખંડ શું, નંદાવર્ત વિશાળ;
પૂરી પ્રભુ સન્મુખ રહી, થુણિયે જગતદયાળ. ૨

[ શુદ્ધ ને અણીશુદ્ધ ચોખાથી મોટો એવો નંદ્યાવર્ત પૂરી—ચીતરી પ્રભુ પ્રતિમાની સામે રહી, એ જગતદયાળુની સ્તુતિ કરીએ.]

## ૬

### ઢાળ

જિણંદા પ્યારા, મુણીંદા પ્યારા;
દેખોરી જિણંદા ભગવાન, દેખોરી જિણંદા પ્યારા.

[ મુનિઓમાં મહાન મુનીશ્વર, જિનોમાં પણ સર્વશ્રેષ્ઠ એવા પ્રિય જિન ભગવાનને નીરખો ! તેમનાં દર્શન કરો ! ]

ચરમ પયડીકો મૂળ વિખરિયાં:
ચરમ તીરથ સુલતાન; દે૦
દર્શન દેખત મગન ભયે હૈં,
માગત ખ:યક દાન. દે૦ ૧

[ અંતરાય કર્મની પાંચ પ્રકૃતિ; એમાં વીર્યાંતરાય એ છેલ્લી પ્રકૃતિ. એ પ્રકૃતિને મૂળથી ડામીને આપ શાસનના છેલ્લા નાયક થયા છો. આપ શાસનનાયકનાં દર્શન કરીને અમે આપમય બન્યા છીએ, અને આપની પાસે ક્ષાયિક ભાવે વીર્યગુણનું દાન માગીએ છીએ. ]

પંચમ વિઘનકા ખય ઉપશમસેં,
હોવત હમ નહીં લીન; દે૦
પાંગળ બળહીણા દુનિયામેં,
વીરો સાળવી દીન. દે૦ ૨

[ પાંચમી પ્રકૃતિ—વીર્યાંતરાયના ક્ષયોપશમથી અમે રાજી થનારા નથી: કારણ કે જગતમાં એના જ કારણે જીવો અંગોપાંગથી લૂલાપાંગળા ને કમજોર પેદા થાય છે. વીરા સાળવીનું પણ એમ જ બન્યું. ]

હરિબળ ચક્રી શક્ર જ્યું બળિયે,
નિર્બળ કુળ અવતાર; દે૦
બાહુબલી બલ અક્ષય કીનો,
ધન ધન વાલીકુમાર. દે૦ ૩

વીર્યાંતરાયના ઉદયથી વાસુદેવ, બળદેવ, ચક્રવર્તી અને ઈંદ્ર જેવા નિસ્તેજ થઈ નિર્બળ કુળમાં જન્મ લે છે: અને એના ક્ષયોપશમથી બાહુબલી જેવાને પણ અક્ષય શક્તિ પ્રાપ્ત થાય છે: ને વાલી જેવા પણ રાવણને બગલમાં ઘાલીને ફરે છે. આ બધો આ પ્રકૃતિનો અને એના ક્ષયોપશમનો પ્રભાવ છે. ]

સફળ ભયો નરજન્મ હમેરો,
દેખત જિન દેદાર; દે૦
લોહચમક જ્યું ભગતિસેં હળિયે,
પારસ સાંઈ વિચાર. દે૦ ૪

[ જિનેશ્વર ભગવાનનાં દર્શન થતાં, અમારો મનુષ્યજન્મ સફળ થયો. લોઢું જેમ પારસ સાથે મળીને સુવર્ણ થઈ જાય: એમ આપ પરમાત્માની ભક્તિરૂપ પારસનો સ્પર્શ કરી અમારો તમારા જેવા થવાનો આશય છે.]

કીરયુગલ વ્રીહી ચંચુમેં ધરતે,
જિનપૂજત ભયે દેવ; દે૦
અક્ષતસેં અક્ષય પદ દેવે,
શ્રી 'શુભવીર' કી સેવ. દે૦ ૫

[ એક હતી પોપટી. એક હતો પોપટો. સુડા–સુડીની આ જોડ આંબાડાળે રહે. મીઠાં–મધુરાં ફળ ચાખે ને ટહુકા કરી આંબાવાડિયું ગજવે. એક વાર પોપટીને દોહદ થયો. એણે પોપટને કહ્યું,

'રાજાના શાલીધાન્યના ખેતરમાંથી મારા માટે ચોખાનાં માંજર લઈ આવ.'

પોપટ કહે, 'રાજા નિષ્ઠુર છે. જે રાજા નિષ્ઠુર એના નોકર સાત નિષ્ઠુર. રાજા બધાનું લે છે, પણ કોઈ એનું લે, તો કોપ કરે છે. પ્રિય પોપટડી! રખેવાળોની ગોફણનો ગોળો કારમો હોય છે.'

પોપટી કહે, 'ધિક્ છે પતિ તરીકેના તારા જીવનને! પ્રિયાની ખાતર લોકો પ્રાણ પાથરે છે, તો તું થોડાક ચોખા નહીં લાવી શકે? ખરેખર, મારી સખીઓમાં હું જ્યારે વાત કરીશ ત્યારે મને આવો કાયર પતિ મળ્યો, માટે શરમ પામીશ. રે, તમે તમારા જીવને સાચવો. હું ગાર્ભવતી છું. મારો દોહદ પૂરો નહિ થાય, તો હું મરણ પામીશ.'

પોપટને ચાનક ચડી. એ શાલીના ખેતરોમાં ગયો. રૂપાળી શાલ-માંજર લઈ આવ્યો. પોપટીને સંતોષી. શાલમાંજરની શી મીઠાશ! હવે તો એ હમેશનો ક્રમ થઈ પડ્યો!

રાજાને આ ખબર પડી એણે ચોકીદારો મૂકયા, પણ પોપટ ચતુર સુજાન કોનું નામ! કોઈના હાથે એ ન પકડાયો. આખરે રાજાએ પંખીને પકડવાની જાળ ગોઠવી.

એ જાળમાં ચતુર પોપટ પકડાઈ ગયો. રાજા કોપે ભરાયો હતો. તલવાર લઈને મારવા ધાયો. આ વખતે પોપટી વચ્ચે આવીને પડી અને બોલી:

'રાજન્! એ મારો પતિ છે. મારા કહેવાથી એણે આ કર્મ કર્યું છે. માટે મને દંડ દો.'

આ સાંભળી રાજાનો કોપ ઊતરી ગયો. એ પોપટ તરફ જોઈને બોલ્યો,

'રે પંખી ચતુર સુજાન! પત્નીને ખાતર પ્રાણ આપનાર તારા જેવા મૂર્ખને મેં આજે જ જોયો!'

પોપટ કહે, 'હે રાજા! જે સ્ત્રી પતિ ખાતર પોતાની જન્મ-ભૂમિ, પોતાનાં જનક–જનની છોડી આપણને સ્વીકારે છે, તે ત્યાગ પાસે આ મસ્તક તો એક બિંબફળ સમાન છે. હું એકલો કંઈ એવો નથી, આખી દુનિયા એવી છે. તમે કાં ભૂલી ગયા? તમારી પત્ની શ્રીદેવી ખાતર પ્રાણત્યાગ કરવા–ચિતામાં બળી મરવા તમે જ તૈયાર થયા હતા. મનુષ્યની આ સ્થિતિ છે, તો અમ પંખીની કા ગતિ!'

રાજાને જૂની વાત યાદ આવી, ને બંનેને છોડી મૂકયાં. સાથે પોતાનું શાલીધાન્યનું ખેતર બક્ષિસ કર્યું!

ફરી આંબાડાળે પોપટ ને પોપટી લહેરથી રહેવા લાગ્યાં. એકદા પોપટીએ બે ઈંડાને જન્મ આપ્યો. એ દિવસે આંબાડાળે રહેતી બીજી પોપટડીએ એક ઈંડાને જન્મ આપ્યો.

પોપટીએ આ જોયું ને જ્યારે બીજી પોપટી ચારા માટે ગઈ, ત્યારે એ ઈંડું ત્યાંથી ઉપાડી લીધું. બીજી પોપટી ચણ ચરીને પાછી આવી. જુએ તો માળો ખાલીખમ! એ માતૃસ્નેહથી માથાં પટકવા લાગી.

પેલી પોપટીને દયા આવી અને ઈંડું પાછું હતું ત્યાં મૂકી દીધું. પણ મા–દીકરાનો વિયોગ કરાવવાથી દારુણ વિપાકવાળું કર્મ બાંધ્યું.

પોપટીના ઈંડામાંથી બે બચ્ચાં પેદા થયાં. એ માતાની સાથે રહીને આનંદ કરવા લાગ્યાં. શાલના ખેતરમાં દાણા ચણવા લાગ્યાં.

એ ખેતરની સામે એક દેવપ્રાસાદ!

એ દેવપ્રાસાદમાં અનેક લોકો દર્શન કરવા આવે, અને ભગવાન સામે ચોખાની ત્રણ ઢગલી કરે. આ બે બચ્ચાંઓને આ ક્રિયા ગમી ગઈ. તેઓ રોજ ચાંચમાં તાંદુલ લાવે, ત્રણ ઢગ રચે; ઢગ ન રચે ત્યાં સુધી એક પણ દાણો પેટમાં ન મૂકે!

આ ચારે પંખી ધીરે ધીરે પ્રભુભક્તિમાં લીન બન્યાં. અને આખરે મરીને રાજા–રાણી તરીકે જન્મ્યાં. ત્યાં બાંધેલાં કર્મ ભોગવી, ચિત્ત ઉદાર રાખી જીવ્યાં. રાણી તે પોપટી. એ રાણી જયસુંદરીને પોતાના પુત્રનો વિરહ ભોગવવો પડયો. કરેલાં કર્મનાં ફળ ચાખવાં જ પડે છે. આખરે એ શાશ્વત સુખને પ્રાપ્ત થયાં. જે પ્રાણી એક તિલ માત્ર પણ બીજાને સુખ કે દુઃખ આપે છે, તે ફલદ્રુપ ભૂમિમાં વાવેલા બીજની જેમ પરલોકમાં એવા જ ફળને પામે છે.

શુક પક્ષીઓને ત્રીજે ભવે મોક્ષ મળ્યું.

પોપટ–પોપટી જેવાં પંખી ચાંચમાં ચોખા લાવી પ્રભુની પૂજા કરવાથી દેવજન્મ પામ્યાં. શ્રી. શુભવીર પરમાત્માની પૂજા એવી છે. અક્ષતથી–ચોખાથી અક્ષત એવું મોક્ષપદ મળે છે.]

## काव्यम् ।

क्षितितलेऽक्षतशर्मनिदानकं गणिवरस्य पुरोऽक्षतमण्डलम् ।
क्षतविनिर्मितदेहनिवारणं भवपयोधिसमुद्धरणोद्यतम् ॥१॥
सहजभावसुनिर्मलतण्डुलैर्विपुलदोषविशोधकमङ्गलैः ।
अनुपरोधसुबोधविधायकं सहजसिद्धमहं परिपूजये ॥२॥

**मन्त्रः**—ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्रीमते जिनेन्द्राय वीर्यान्तरायदहनाय अक्षतं यजामहे स्वाहा ॥

અક્ષય સુખ જગમાં કરે, અક્ષત પ્રભુ સન્મુખ;
ક્ષીણ શરીર નિવારતા, તારક ભવજલ દુઃખ. ૧
નિર્મળ ભાવે તંદૂલા, કરી શુદ્ધ સુમંગલા;
વિમલ બોધ વિધાયકા; સિદ્ધ પૂજો સુખદાયકા. ૨

પરમપુરુષ પરમેશ્વરા, જન્મ મરણ અજ્ઞાન;
ઉચ્છેદે તે વીરને, ધરું અક્ષત શુભવાન. ૩

૭

# નૈવેદ્ય પૂજા



## દુહા

નિર્વેદી આગળ ધરો, શુચિ નૈવેદ્યનો થાળ;
વિવિધ જાતિ પકવાન શું, શાળિ અમૂલક દાળ. ૧

[વીતરાગ ભગવાનની આગળ જાતજાતનાં પકવાનથી ભરેલો ને શાળી (ચોખા) અને દાલ સાથે પવિત્ર નિવેદનો થાળ મૂકો.]

અણાહારી પદ મેં કર્યાં, વિગ્રહગઈએ અણંત;
દૂર કરો ઇમ કીજીએ, દિયો અણાહારી ભદંત. ૨

[વિગ્રહગતિમાં અનેક વાર થોડા વખત માટે અણાહારીપણું પ્રાપ્ત કર્યું; પણ તેવા ખંડિત અણાહારીપદની મને અપેક્ષા નથી. એક અને અંતિમ અણાહારીપદ જે મોક્ષમાં છે તે મને આપો.]

## ૭

### ઢાળ

અખિયનમેં અવિકારા, જિણંદા !
તેરી અખિયનમેં અવિકારા.

રાગદ્વેષ પરમાણુ નિપાયા, સંસારી સવિકારા; જિ૦
શાંતરુચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા. જિ૦ ૧

[ હે જિનેશ્વરદેવ ! તારાં નયન નિર્વિકાર છે. અમ સંસારવાસીઓની આંખો વિકારવાળી છે, કારણ કે રાગ-દ્વેષના અણુ-પરમાણુથી અમારું ઘડતર થયું છે. તારી મુદ્રા મનને હરણ કરનારી છે; કારણ કે એ શાંત ને મધુર અણુ-પરમાણુથી બનેલી છે. ]

દ્રવ્ય ગુણ પરયાય ને મુદ્રા, ચઉ ગુણ ચૈત્ય ઉદારા; જિ૦
પંચ વિઘન ઘન પડળ પલાયા, દીપત કિરણ હજારા. જિ૦ ૨

[ દ્રવ્યથી, ગુણથી, પર્યાયથી ને મુદ્રાથી—આ ચારે રીતે આપની પ્રતિમા શ્રેષ્ઠ છે; પાંચે અંતરાયરૂપી વાદળનાં આવરણોને દૂર હટાવી સહસ્રકિરણ સૂર્યની જેમ એ દીપે છે. ]

કર્મવિનાશી સિદ્ધસ્વરૂપી, ઇગતીસ ગુણ ઉપચારા; જિ૦
વરણાદિક વીશ દૂર પલાયા, આગઈ પંચ નિવારા. જિ૦ ૩

[ સર્વ કર્મનો નાશ કરવાથી આપ સંત, ચિત્ ને આનંદરૂપ સિદ્ધપદને પામ્યા છો, ને ઉપચારથી એકત્રીસ ગુણને ધારણ કરનારા બન્યા છો. વર્ણાદિક વીસ ભેદ દૂર થયા છે, આગતિ વગેરે પાંચ ગતિને નિવારી છે.]

તીન વેદકા છેદ કરાયા, સંગ રહિત સંસારા; જિ૦
અશરીરી ભવબીજ દહાયા, અંગ કહે આચારા. જિ૦ ૪

[ ત્રણ વેદ–પુંવેદ, સ્ત્રીવેદ ને નપુંસકવેદનો છેદ કર્યો. સંસારથી અસંગ થયા. અશરીરી થયા, અર્થાત્ શરીર લેવારૂપ ભવબીજ સારી રીતે બાળી નાખ્યાં. આ અમે કહેતા નથી, પવિત્ર આચારાંગ સૂત્ર કહે છે. ]

અરૂપી પણ રૂપારોપણસેં, ઠવણા અનુયોગદ્વારા; જિ૦
વિષમ કાળ જિનબિંબ જિનાગમ, ભવિયણ કું આધારા. જિ૦ ૫

[ હે જિનેશ્વરદેવ! આપ અરૂપ થયા છો, પણ રૂપના આરોપણથી આ કળિકાળમાં આપની પ્રતિમા અને આપની વાણી–આગમ ભવી જીવોને આધારરૂપ છેઃ આ વાતની સાક્ષી અનુયોગદ્વાર આપે છે. ]

મેવા-મીઠાઈ થાળ ભરીને, ખટ્રસ ભોજન સારા; જિ૦
મંગળ તૂર બજાવત આવો, નરનારી કર થારા. જિ૦ ૬

[ ૭ રસવાળાં ભોજન અને મેવા–મીઠાઈના થાળ ભરીને, મંગલ વાજિંત્રો વગાડતાં સ્ત્રીપુરુષો હાથમાં નૈવેદ્યના થાળ લઈને પ્રભુ પાસે આવે. ]

**નૈવેદ્ય ઠવી જિન આગે માગો, હલિ નૃપ સૂર અવતારા; જિ૦
ટાળી અનાદિ આહારવિકારા, સાતમે ભવ અણાહારા. જિ૦ ૭**

[ જિનેશ્વર દેવની આગળ નૈવેદ્ય ધરીને હલિ રાજા જેવું ફળ માગો. જે દેવ થઈ, અનાદિ કાળનો આહાર આદિ વિકાર ટાળી દઈ, સાતમે ભવે સિદ્ધગતિને પામ્યો.

એક શાપિત નગરી. ખાલી ખંડેરો પડેલાં. ત્યાં એક દેવપ્રાસાદ. નગર ઉજ્જડ થવાથી વાઘ બોડ નાખીને દરવાજે બેઠેલા.

આ ખંડેરો પાસે એક કણબીનું ખેતર. કણબી ભલો ભોળો, તેજસ્વી ને તંદુરસ્ત. પણ કર્મની કઠિનાઈ એવી કે પંડ તોડી નાખે તોય પેટ ભરાય નહિ ! ઘી–તેલ જેવું ચોપડ તો ભાગ્યે જ ભાળે !

એક વાર મુનિજન આવ્યા. કણબી તેમની પાસે ગયો ને બોલ્યો : ' સંસારમાં સુખી ઘણા, તો હું દુ:ખી કાં ? '

મુનિજન કહે, ' ન્યાય સરખો છે. આ ભવ પરથી બધો ક્યાસ ન કાઢીશ. ન આપેલાને મળતું નથી. આપેલાનું આપ્યું જતું નથી. દેવ અને અતિથિ આગળ હમેશાં નિવેદ ધરીને જમવાનું વ્રત લે. સુખી થઈશ.'

કણબી કહે, ' આજથી પ્રતિજ્ઞા. દેવ–અતિથિને નિવેદ ધરાવ્યા વગર જમવું વૃથા.'

મુનિજન કહે, ' પ્રતિજ્ઞાને નાની માની પ્રમાદ ન કરીશ. સંકલ્પને સિંહવૃત્તિથી નિભાવજે, તો સિંહ પણ મોં ફેરવી જશે.'

જુવાન કણબી નિયમને પાળવા લાગ્યો. થોડામાંથી થોડું દેવ-અતિથિને અર્પણ કરવા લાગ્યો. એક વાર ભાતનું મોડું થયું. ભૂખ ભડકા નાખવા લાગી. જેવો ભાત આવ્યો કે ખાવા બેઠો, ત્યાં નિયમ યાદ આવ્યો. તરત દેવપ્રાસાદ તરફ દોડયો. અતિથિ નહિ તો દેવ—બંને એકરૂપ છે.

દેવપ્રાસાદ પાસે પહોંચ્યો તો દ્વાર આગળ વિકરાળ સિંહ ઊભેલો! પણ સિંહની સામે આ સંકલ્પસિંહ કણબી પાછો ન પડયો. સામા પગલે ગયો. સિંહે ખસીને માર્ગ દીધો.

દેવને નિવેદ ધરાવી કણબી આવીને ખાવા બેઠો. ત્યાં ન જાણે મુનિરાજોનો રાફડો ફાટયો. એક મુનિ આવ્યા. થોડો ભાત વહોરી ગયા. ત્યાં બીજા સ્થવિર મુનિ આવ્યા. થોડું એ પણ વહોરી ગયા. ત્યાં ક્ષુલ્લક મુનિ આવ્યા. એ બચેલું બધું લઈ ગયા, પણ કણબી પરીક્ષામાં પાછો ન પડયો.

ત્યાં તો અજવાળું અજવાળું થઈ રહ્યું. આકાશવાણી થઈ: 'દઢતા ને સંકલ્પબળથી પ્રસન્ન છું. માગ, માગ! માગે તે આપું!'

કણબી કહે, 'મારા ભવદારિદ્ર્યનો નાશ કરો.'

વાણી આવી: 'સત્ત્વશુદ્ધિ ને સંકલ્પબળ પાસે કશુંય અશક્ય નથી!'

જુવાન કણબી આ પછી ખૂબ આગળ વધ્યો. પ્રજામાં ને રાજામાં એની પ્રશંસા થવા લાગી. એ નગરની રાજકુંવરીના લગ્નનો

સ્વયંવર રચાણો. રાજકન્યા મનથી આ યુવાન હલધર કણબીને વરી ચૂકી હતી. ભરી સભામાં એણે હલધરના કંઠમાં વરમાળા આરોપી.

સ્વયંવરમાં આવેલા રાજાઓ ક્રોપ પામ્યા. રે, રાજકન્યા શું એક કણબીને વરે ! પણ હલધરે હલદ્વારા એવું પરાક્રમ બતાવ્યું કે રાજાઓના દાંત ખાટા થઈ ગયા. બધા રાજા વિચારી રહ્યા કે અપુત્ર રાજાની પુત્રી સાથે રાજગાદી પણ આ યુવાન લઈ જશે. પણ શું થાય ?

આખરે તમામ રાજાઓ પરાજય પામીને રવાના થઈ ગયા.

હલધર કણબી રાજકન્યાને પરણ્યો ને કાળક્રમે રાજા થયો, પણ દેવ–અતિથિને નિવેદ્ય ધર્યા પહેલાં ન જમવાની પ્રતિજ્ઞા કદી ન વિસર્યો, અને એ રીતે એણે સત્ત્વથી ને સંકલ્પથી નગર પણ વસાવ્યું.

પિતા વૈ જાયતે પુત્રઃ ! હાલિક રાજાનો પુત્ર પણ એની પેરે દેવ–અતિથિના સન્માનની પરંપરા જાળવતો રહ્યો. જેવો રાજા તેવી પ્રજા. પ્રજા પણ રાજાને અનુસરી રહી. ]

**સગવિહ શુદ્ધિ સાતમી પૂજા, સગગઈ સગ ભયહારા; જિ૦**
**શ્રી 'શુભવીર' વિજય પ્રભુ પ્યારા, જિન આગમ જયકારા. જિ૦ ૮**

[ સાત પ્રકારની શુદ્ધિ સાચવીને (ભૂમિ, ઉપકરણ, વસ્ત્ર, મન, વચન, કાય અને દ્રવ્યની શુદ્ધિ) આ સાતમી પૂજા કરીએ છીએ. એ સાત ગતિ અને સાત ભયને દૂર કરનારી છે. કવિ કહે છે કે વીર ભગવાન અને વીરવાણીરૂપ આગમ બંને જયવંતાં વર્તો ! ]

## काव्यम् ।

अनशनं तु ममास्त्विति बुद्धिना रुचिरभोजनसञ्चितभोजनम् ।
प्रतिदिनं विधिना जिनमन्दिरे शुभमते बत ढौकय चेतसा ॥१॥

कुमतबोधविरोधनिवेदकैर्विहितजातिजरामरणान्तिकैः ।
निरशनैः प्रचुरात्मगुणालयं सहजसिद्धमहं परिपूजये ॥२॥

**मन्त्रः**—ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्यु-निवारणाय श्रीमते जिनेन्द्राय अज्ञानोच्छेदकाय सिद्धपदप्रापणाय नैवेद्यं यजामहे स्वाहा ॥

કર્યાં મિષ્ટ સુભોજનો, હજો હવે મુજ અનશનો;
જિનગૃહે નિત એમ સુભાવથી, ધરો નૈવેદ્ય સુરીતિથી ૧

કુમત બોધ વિરોધકા, ભવતણા ભય પાપ નિરોધકા;
નિરશને ગુણવર્ધકા, પૂજો સિદ્ધ સુખસાધકા. ૨

પરમપુરુષ પરમેશ્વરા, જન્મ મરણ અજ્ઞાન;
ઉચ્છેદે તે વીરને, અર્પું નૈવેદ્ય સુધાન. ૩



# ૮

# ફલપૂજા



## દુહા

અષ્ટ કર્મદળ ચૂરવા, આઠમી પૂજા સાર;
પ્રભુ આગળ ફળ પૂજતાં, ફળથી ફળ નિરધાર. ૧

[ આઠ પ્રકારનાં કર્મોને હણવા માટે આઠમી પૂજા કરો. પ્રભુ આગળ ફળથી પૂજા કરતાં એનું ફળ ચોક્કસ મળે છે. ]

ઇંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ;
પુરુષોત્તમ પૂજા કરી, માગે શિવફળ ત્યાગ. ૨

[ દેવોનો રાજા ઈંદ્ર પણ પ્રેમ ધરીને ફળ ચડાવે છે. તમે પણ તે રીતે પુરુષોત્તમ પ્રભુની પૂજા કરી, શિવપદરૂપી ફળ માગો ! ]

## ૮

### ઢાળ

પ્રભુ તુજ શાસન અતિ ભલું, માને સુર-નર-રાણો રે;
મિચ્છઅભવ્ય ન ઓળખે,એક અંધો એક કાણો રે. પ્રભુ૦ ૧

[ હે પરમાત્મા! તારું શાસન બહુ રૂડું છે. એનું દેવ, રાજા અને મનુષ્યો પણ માન કરે છે. ફક્ત ન માનનારામાં બે જણા છે: એક મિથ્યાત્વી ને બીજો અભવી! જ્ઞાન અને ક્રિયા—જીવોની બે આંખો છે; એમાં મિથ્યાત્વી માનવી અજ્ઞાની અને અક્રિયાવાદી હોવાથી એણે બંને આંખો ખોઈ છે, એટલે છતી આંખે એ અંધ છે. અભવી ક્રિયા કરે છે, પણ એના પાસે જ્ઞાન નથી: માટે તે એક આંખે કાણો છે.]

આગમ વયણે જાણીએ, કર્મતણી ગતિ ખોટી રે;
તીસ કોડાકોડી સાગરુ, અંતરાય થિતિ મોટી રે. પ્રભુ૦ ૨

[ આગમવચનથી જાણવા મળે છે કે કર્મની ગતિ બહુ ખરાબ હોય છે. અંતરાય કર્મની સ્થિતિ ત્રીસ કોટાનુકોટી સાગરોપમ જેવડી મોટી હોય છે.]

ધ્રુવબંધી ઉદયી તથા, એ પાંચે ધ્રુવ સત્તા રે;
દેશઘાતિની એ સહી, પાંચે અપરિયત્તા રે. પ્રભુ૦ ૩

[ એની પાંચે ઉત્તર પ્રકૃતિઓ–ધ્રુવબંધી, ધ્રુવઉદયી, ધ્રુવસત્તાક, દેશ-ઘાતી અને અપરાવર્તમાન છે.]

સંપરાય બંધે કહી, સત્તા ઉદયે થાકી રે;
ગુણઠાણું લહી બારમું, નાઠી જીવવિપાકી રે. પ્રભુ૦ ૪

[ એનો બંધ સૂક્ષ્મસંપરાય દશમા ગુણઠાણા સુધી છે, અને સત્તામાંથી ને ઉદયમાંથી બારમું ગુણઠાણું જીવ પામે ત્યારે તે ગુણઠાણે અંતે જાય છે, અને જીવવિપાકી છે.]

જ્ઞાન મહોદય તેં વર્યો, ઋદ્ધિ અનંત વિલાસી રે;
ફળપૂજા ફળ આપીએ, અમે પણ તેહના આશી રે. પ્રભુ૦ ૫

[ હે પ્રભુ ! તેં એ સર્વનો ક્ષય કર્યો છે; ને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. અને આત્માની અનંત સમૃદ્ધિના તમે ભાગી બન્યા છો. અમે પણ એવી જ આશાવાળા છીએ. એ માટે ફળપૂજા કરી જ્ઞાન અને આત્માની ઋદ્ધિનું ફળ માગીએ છીએ ]

કીરયુગલ શું દુરગતા, નારી જિમ શિવ પામી રે;
અમે પણ કરશું તેહવી, ભક્તિ ન રાખું ખામી રે. પ્રભુ૦ ૬

[ પોપટનું જોડું અને દુર્ગતા સ્ત્રી જેમ ભક્તિથી શિવસુખ પામી, તેમ અમે પણ ભક્તિ કરીશું, અને ભક્તિ કરવામાં કોઈ પ્રકારની ખામી નહિ આવવા દઈએ.

દેવોની નગરી જેવી કંચનપુર નગરી. નરોમાં શ્રેષ્ઠ એવો નરસુંદર રાજા.

નગરના પ્રાંત ભાગે આંબાવાડિયું. એ આમ્રકુંજમાં ભ. અરનાથ સ્વામીનું મંદિર. ઉત્સવના દિવસો ચાલે રાજા તથા પ્રજા પૂજા કરવા આવ્યાં હતાં. રાય–રંક દર્શન કરવા આવ્યાં હતાં.

રાજાએ સુંદર આમ્રફળનો એક કરંડિયો પ્રભુ આગળ ભેટ ધર્યો. આ વખતે દુર્ગતા નામની ગરીબ સ્ત્રી, એને પણ સુંદર ફળ ધરીને ભગવાનની પૂજા કરવાની ઇચ્છા થઈ. રે! ફળ ધરું પ્રભુ આગળ, તો જીવન સફળ કરું! પણ ફળ લાવવું ક્યાંથી?

દુર્ગતા વિમાસી રહી છે, ત્યાં ઉપરથી એક આમ્રફળ એના ખોળામાં આવી પડ્યું—રસથી કસદાર ને સુગંધથી મઘમઘતું! ભૂખ્યાને અમૃતનું ભોજન મળ્યું!

બાઈએ ઊંચે જોયું, ત્યાં આમ્રઘટામાં શુકપક્ષીનું એક જોડું બેઠેલું. નીલકમલના વર્ણનું. શુકપક્ષીએ એ ફળ નાખેલું. સ્ત્રીએ તો ફળ લઈને પ્રભુ આગળ મૂક્યું, ને મનમાં બોલી: 'આપ્યું હોય તો મળે, આંચક્યું હોય તો ટળે!'

શુકપંખી ચતુર સુજાન હોય છે. શુકે બાઈને આમ્રફળ પોતે ખાવાને બદલે પ્રભુ પાસે આમ્રફળ મૂકતી જોઈ. ખરેખર, જે અર્પણ કરે છે, એ મહાપવિત્ર યજ્ઞ કરે છે. સૂડી ઊડીને અન્ય સારાં પાકાં ફળને ચાંચ મારવા જતી હતી, ત્યાં શુકે કહ્યું,

'રે મનોહરે! નજર સામેની વાત જોતી નથી? આ ભૂખી બાઈને આપણે ફળ ખાવા આપ્યું! એના પેટમાં ભૂખ ભડકા નાખે

છે, છતાં એણે ફળ જાતે આરોગ્યું નહિ, ને પ્રભુને અર્પણ કર્યું. પેટ-પૂજા કરતાં પ્રભુપૂજા મોટી, એ આપણ નગુરાં પંખી ક્યારે સમજશું ? ભોગ કરતાં ત્યાગ મોટો એ ભાવના આપણામાં ક્યારે જાગશે ?'

સૂડી શરમાઈ ગઈ. આમ્રફલ લઈ પ્રભુ સન્મુખ ઠવ્યું ! દુર્ગતા-બાઈ ત્યાં ઊભી હતી. એ રાજી થઈને બોલી :

'હે શુકરાજ અને સૂડીરાણી ! ઘણાં માણસ નથી સમજતાં, તે તમે પંખી સમજ્યાં. ખરેખર ચતુર સુજાન છો તમે. જે જીવ પ્રભુ આગળ ફળ અર્પણ કરે, એની સર્વ આશા ફળે, એનું આયુષ સફળ થાય.'

હવે તો દુર્ગતાબાઈને અને શુકયુગલને દોસ્તી બંધાઈ. રોજ પ્રભુ પાસે ફળપૂજા કરે. સમય જતાં દુર્ગતાબાઈ ગુજરી ગઈ. મરીને દેવ-લોકમાં દેવ થઈ.

શુકપંખી પણ આયુ પૂર્ણ કરી ગંધીલા નગરીમાં, સૂરરાજાની રત્નાદે રાણીના ગર્ભમાં આવ્યો. રાણીને આમ્રફળ ખાવાનો દોહદ થયો. રાણી કહે, મને આમ્રફળ લાવી આપો.

રાજા કહે, 'આયુષ આખું આપું તોય અત્યારે અકાળે આમ્ર-ફળ ન મળે.'

રાણી કહે, 'તો નહિ જીવું, રાજ ! એક સાથે બે હત્યા થશે.'

રાજા મૂંઝાયો. ખાવુંપીવું અકારું થયું. રાણી મોતના બિછાને પડી. આ વખતે દેવનું સિંહાસન ડોલ્યું. પેલા દુર્ગતદેવે જાણ્યું કે મને નિરંતર ફળ આપનારને ફળની જરૂર પડી છે !

તરત સાર્થવાહનું રૂપ લીધું. દેવોની આમ્રવાટિકામાંથી આમ્રફળનો ટોપલો ભરીને માથે લીધો, ને રાજાના દરબારમાં નજરાણું ધરવા આવ્યો. રાજા તો ખુશખુશ થઈ ગયો,

'રે સાર્થવાહ! ખરે વખતે તું ક્યાંથી?'

સાર્થવાહ કહે, 'કર્મની આ બધી રચના છે. આંબો વાવનારને આંબો ને બાવળ વાવનારને બાવળ મળી રહે છે. ગર્ભસ્થ આત્માના પુણ્યપ્રતાપથી આ બધું બન્યું છે!

રાજા પ્રસન્ન થયો. એણે જિનેશ્વરપૂજન, ગુરુજનસેવા અને દીનજનોને દાન આપ્યાં. પૂરે મહિને પુત્ર પ્રસવ્યો.

નામ ફલસાર રાખ્યું!

ફલસાર કુમાર મોટો થયો, યૌવનવયને પામ્યો. આ વખતે રાજા સમરકેતુની પુત્રી ચંદ્રલેખાનો સ્વયંવર રચાયો. દેશોદેશથી રાજાઓ એમાં ભાગ લેવા ગયા.

આ વખતે એક વૃદ્ધ જ્યોતિષી કુમાર ફલસારને મળવા આવ્યો. એણે કહ્યું, 'રે કુંવર! કોઈ ભવે તું પોપટ હતો, રાજકુંવરી ચંદ્રલેખા પોપટી હતી. આમ્રવનમાં આનંદથી રહેતાં હતાં. ત્યાં તમે એક બાઈના કહેવાથી પ્રભુ સન્મુખ ફળ મૂકીને પૂજા કરવા લાગ્યાં. એ ફળપૂજાના પ્રતાપથી તું રાજકુંવર સરજાયો, તારી સૂડી રાજકુમારી! હવે તું શુક અને શુકીના જોડાનું ચિત્ર લઈને સ્વયંવરમાં જા! હજાર રાજકુમારોને મૂકી ચંદ્રલેખા તને વરશે. ઋણાનુબંધ અજબ હોય છે.'

એ જોશી તે પેલો દુર્ગત દેવ. એની સલાહ ફળી. અનેક રૂપાળા ને મહાન રાજકુમારોને છોડી ચંદ્રલેખા ફલસારને વરી. હવે બંને રાજપાટ ભોગવવા લાગ્યાં. કર્મ એવાં ઉપાર્જન કર્યાં હતાં કે જે માગે તે મળે. ઘણીવાર ઓછું માગે વધુ મળે. પાણી માગે દૂધ મળે!

બંને જણા પોતપોતાનું ફોડી લે, અને પોતે નિર્ભય રહે. સામે ગાંડો સર્પ ધસ્યો આવતો હોય, તો ગરુડ ઝપાટા કરતો સામો આવી મળે. હાથી ધસ્યો આવતો હોય, તો સામે સિંહ ગર્જતો ચાલ્યો આવે! સિંહ ખાઉં ખાઉં કરતો આવતો હોય તો સામે અણીને ટાણે આવી પહોંચેલા શરભથી પોતાની રક્ષા થાય.

આ અનુકૂળતાથી અભિમાન ન આણતાં, પૂર્વકર્મનો પસાય સમજી, આ ભવમાં સારી કરણી કરવા લાગ્યાં. સાતમે ભવે સિધ્યાં.]

સાચી ભક્તે રીઝવી, સાહિબ દિલમાં ધરશું રે;
ઓચ્છવ રંગ વધામણાં, મનવાંછિત સવિ કરશું રે. પ્રભુ૦ ૭

[ સાચી ભક્તિથી આપને પ્રસન્ન કરી, આપ સાહેબને અમારા અંતરમાં સ્થાપીશું. ઉત્સવરંગ વધશે, ને મનવાંછિત બધું પ્રાપ્ત થશે. ]

કર્મસૂદન તપતરુ ફળે, જ્ઞાનઅમૃત રસધારા રે;
શ્રી 'શુભવીર'ને આશરે, જગમાં જયજયકારા રે. પ્રભુ૦ ૮

[ કર્મનો નાશ કરનાર જે તપ, એ રૂપી જે વૃક્ષ એ ફળવંતુ થાઓ: અને જ્ઞાનરૂપી અમૃતની ધારા પ્રાપ્ત થાઓ. શ્રી. વીર ભગવાનનો આશ્રય લેનારનો જગમાં જયજયકાર થાય છે.]

## काव्यम् ।

शिवतरोः फलदानपरैर्नवै-र्वरफलैः किल पूजय तीर्थपम् ।
त्रिदशनाथनतक्रमपङ्कजं निहतमोहमहीधरमण्डलम् ॥१॥

शमरसैकसुधारसमाधुरै-रनुभवाख्यफलैरभयप्रदैः ।
अहितदुःखहरं विभवप्रदं सकलसिद्धमहं परिपूजये ॥२॥


**मन्त्रः**—ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्यु-निवारणाय श्रीमते जिनेन्द्राय अष्टमकर्मोच्छेदनाय फलं यजामहे स्वाहा ॥

ફળ દેતાં ફળને ભજો, પ્રભુ ગુણો મનથી પૂજો;
મોહમલ્લ નિવારક દેવ જે, શક્રસ્તવે જિનપદને ભજો. ૧

શમ સુધારસ માધુરી, અનુભવ દે ફળ ચાતુરી;
દુઃખ સદા દૂર ટાળવા, સિદ્ધ પૂજો નિજને તારવા. ૨

પરમપુરુષ પરમેશ્વરા, જન્મ મરણ અજ્ઞાન;
ઉચ્છેદે તે વીરને, ધરું શ્રીફળ સુરસાલ. ૩

# કળશ



ગાયો ગાયો રે મહાવીર જિનેશ્વર ગાયો,
ત્રિશલા માતા પુત્ર નગીનો, જગનો તાત કહાયો;
તપ તપતાં કેવળ પ્રગટાયો, સમવસરણ વિરચાયો રે. મહા૦૧

રયણ સિંહાસન બેસી ચૌમુખ, કર્મ સૂદણ તપ ગાયો;
આચારદિનકરે વર્ધમાનસૂરિ, ભવિ ઉપગાર રચાયો રે. મહા૦૨

[મેં ભગવાન મહાવીરનાં ગુણગાન કર્યાં ।]

ત્રિશલા માતાના એ પ્યારા પુત્રે જગતપિતા તરીકે નામના મેળવી, તપ આચરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું ને કેવળજ્ઞાન થતાં દેવો દ્વારા સમવસરણ રચવામાં આવ્યું.

સમવસરણમાં રત્નમઢ્યા સિંહાસને બેસી, ચાર દિશામાં ચાર મુખ કરી, કર્મસૂદન તપનો મહિમા ભગવાન મહાવીરે કહ્યો. એ તપ આચાર દિનકર નામના ગ્રંથમાં શ્રી. વર્ધમાનસૂરિએ ભવી જીવોના ઉપકાર માટે ગૂંથ્યો.]

પ્રવચનસારોદ્ધાર કહાવે, સિદ્ધસેન સૂરિરાયો;
દિન ચઉસઠી પ્રમાણે એ તપ, ઉજમણે નિરમાયો રે. મહા૦ ૩
ઉજમણાથી તપબળ વાધે, એમ ભાખે જિનરાયો;
જ્ઞાન ગુરુ ઉપગરણ કરાવો, ગુરુગમ વિધિ વિરચાયો રે. મહા૦ ૪

[ શ્રી. સિદ્ધસેનસૂરિએ આ તપને પ્રવચનસારોદ્ધારમાં કહ્યો છે. ૬૪ દિવસ પ્રમાણનો એ તપ છે, અને છેવટે ઉજમણું કરવાનું છે. ઉજમણું કરવાથી તપબળ વૃદ્ધિ પામે છે, એમ જિનરાજ કહે છે. જ્ઞાનનાં અને ગુરુને ઉપયોગી થાય એવાં ઉપકરણ કરાવો ને ગુરુગમથી વિધિ જાણીને તેની ઉજવણી કરો. ]

આઠ દિવસ મળી ચોસઠ પૂજા, નવ નવ ભાવ બનાયો;
નરભવ પામી લાહો લીજે, પુણ્યે શાસન પાયો રે. મહા૦ ૫

[ આઠ દિવસ માટે–અષ્ટાહ્નિક માટે–ચોસઠ પૂજા ચઢતે પરિણામે રચી છે. મનુષ્ય જન્મ પામીને, પરમ પુણ્યે જૈનશાસન પ્રાપ્ત કરીને એનો લહાવો લેવો જોઈએ. ]

વિજયજિનેંદ્રસૂરીશ્વર રાજ્યે, તપગચ્છ કેરો રાયો;
ખુશાલવિજય માનવિજય વિબુધના, આગ્રહથી વિરચાયો રે. મહા૦ ૬

[તપગચ્છના રાજા શ્રી વિજય જિનેંદ્રસૂરિજીના રાજ્યમાં શ્રી ખુશાલવિજયજી અને શ્રી. પં. માનવિજયજીના આગ્રહથી આ પૂજા મેં રચી.]

વડ ઓશવાળ ગુમાનચંદસુત, શાસનરાગ સવાયો;
ગુરુભક્તિ શા ભવાનચંદ નિત્ય, અનુમોદન ફળ પાયો રે. મહા૦૭

[મોટાઓશવાળ વંશના શ્રી ગુમાનચંદ્રના પુત્ર, જેણે ગુરુની ભક્તિ કરી તથા આ અનુમોદન કર્યું, એ ભવાનચંદે આનું પુણ્યફળ પ્રાપ્ત કર્યું.]

મૃગ બળદેવ મુનિ રથકારક, ત્રણ હુવા એક ઠાયો;
કરણ કરાવણ ને અનુમોદન, સરીખા ફળ નિપજાયો રે. મહા૦૮

[શ્રીકૃષ્ણ વાસુદેવના ભાઈ બળભદ્ર અતિ સ્વરૂપવાન હતા. એક વાર દીક્ષા લીધા પછી નગરમાં ગયા. ત્યાં કૂવા પર પનિહારી પાણી ભરતી હતી. બાજુમાં તેનો છોકરો ઊભો હતો.

પનિહારી બલભદ્રનું મનોહર રૂપ જોઈ રહી, ને પાસવા માટે દોરડાનો ગાળિયો ઘડાને બદલે પોતાના પુત્રના ગળામાં નાખી દીધો. એ ચતુરાનું મોં બલભદ્રનું ચંદ્રમુખ જોવામાં લીન હતું.

મુતિ બલભદ્રે આ જોયું. પોતાના રૂપની ખૂબ નિંદા કરી. નિયમ કર્યો કે અરણ્યમાં રહેવું ને જે ભિક્ષા મળે તે લેવી.

બલભદ્ર મુનિ અરણ્યમાં રહેવા લાગ્યા. આ વખતે એક હરણ તેમનું હેવાયું બન્યું. અરણ્યમાં કોઈ કઠિયારા ભાત ખાવા બેસે કે હરણ મુનિને તેમના વસ્ત્રનો છેડો પકડીને ત્યાં ખેંચી જાય. કઠિયારા પાસેથી ભિક્ષા લઈ મુનિ જીવન નિર્વહે.

ખરા બપોરે એક કઠિયારો લાકડું કાપવા આવ્યો. રથ બનાવવા માટે કાષ્ઠ જોઈતું હતું. મોટી જાડી ડાળી કાપવા લાગ્યો, પણ

કાપતાં બપોર થઈ ગયા, અડધી કાપેલી ડાળી મૂકીને કઠિયારો ખાવા બેઠો.

પેલું હરણું ત્યાં ફરતું હતું, તે તરત મુનિ બલભદ્રને ખેંચી લાવ્યું. કઠિયારો ઊભો થયો. એને થયું કે ઓહ, વગડામાં મુનિ ક્યાંથી! મૃગ વિચારી રહ્યો કે ધન્ય છે કઠિયારાને કે એ દાન આપી શકે છે! મુનિ તો ચડતે પરિણામે હતા જ.

એવામાં અર્ધ કાપેલી ડાળ તૂટી. ત્રણે જણાં પર–મૃગ, મુનિ ને કઠિયારા પર પડી. ત્રણે જણા પંચત્વ પામ્યા, અને કરનાર, કરાવનાર ને અનુમોદનાર–ત્રણે જણા શુભ ભાવથી એક સરખી શુભ ગતિ પામ્યા

શ્રી વિજયસિંહસૂરીશ્વર કેરા, સત્યવિજય બુધ ગાયો;
કપૂરવિજય તસ ખીમાવિજય જસ, વિજયપરંપર ધ્યાયો રે. મહા૦૯
પંડિત શ્રી શુભવિજય સુગુરુ મુજ, પામી તાસ પસાયો;
તાસ શિષ્ય ધીરવિજય સલુણા, આગમરાગ સવાયો રે. મહા૦૧૦
તસ લઘુ બંધવ રાજનગરમેં, મિથ્યાત પુંજ જલાયો;
પંડિત વીરવિજય કવિ રચના, સંઘ સકળ સુખદાયો રે. મહા૦૧૧

[શ્રી. વિજયસિંહસૂરીશ્વરની પાટે ક્રિયાઉદ્ધાર કરનાર ઉપાધ્યાય શ્રી સત્યવિજયજી થયા. તેમના શિષ્ય કપૂરવિજય થયા. તેમના ક્ષમાવિજય થયા. આ પ્રમાણે વિજયની પાટપરંપરા થઈ.

શ્રી ક્ષમાવિજયના શિષ્ય શુભવિજયજી થયા. એ આ પૂજાના

---

(વિગત માટે 'જૈન ધર્મની પ્રાણીકથાઓ' નામનું પુસ્તક જુઓ)

કર્તા શ્રી વીરવિજયજીના ગુરુ થાય. (શુભ–વીર) ગુરુની મહતી કૃપા પામીને કર્તાએ આ રચના કરી.

શ્રી શુભવિજયના શિષ્યોત્તમ શ્રી ધીરવિજયજી, જેઓને વીર-વચનમાં સવાયો રાગ છે, તેમના લઘુ બંધુ એવા શ્રી વીરવિજયજી, જેઓએ મિથ્યા દર્શનોના પુંજને ભસ્મશેષ કર્યો છે, એ કવિરાજે સકળ સંઘને સુખદાયી આ પૂજાની રચના કરી.

**પહેલો ઉત્સવ રાજનગરમેં, સંઘ મળી સમુદાયો;**
**કરતા જિમ નંદીશ્વર દેવા, પૂરણ હર્ષ સવાયો રે. મહા૦ ૧૨**

[શ્રી. રાજનગર સંઘસમસ્તે એકત્ર મળીને આ પૂજાનો પ્રથમ ઉત્સવ કર્યો. એનો ઠાઠ નંદીશ્વરદ્વીપે દેવો અભિષેકોત્સવ કરે તેવો હતો; ને એનો હર્ષ હમેશાંથી સવાયો હતો.]

[ કવિત ]

**શ્રુતજ્ઞાન અનુભવતાન, મંદિર બજાવત ઘંટા કરી;**
**તવ મોહપુંજ સમૂલ જલતે, ભાગતે સગ ઠીકરી;**
**હમ રાજતે જગ ગાજતે, દિન અખય તૃતીયા આજ થેં,**
**'શુભવીર' વિક્રમ વેદમુનિવસુ,ચંદ્ર,(૧૮૭૪) વર્ષ બિરાજતે.**

[ શ્રુતજ્ઞાનરૂપી મંદિરમાં અનુભવ રૂપી ઘંટા બજાવી ત્યારે મોહના ઢગલા નાશ પામ્યા, ને શેષ બધાં કર્મ ઠીકરીની જેમ ભાંગી ગયાં. વિ. સંવત ૧૮૭૪ની અક્ષય તૃતીયાએ અમે આનંદપૂર્વક આ પૂજા રચાવી જગતમાં જયજયકાર વર્તાવ્યો. ]

